લોકોપયોગી સસ્તુ સાહિત્ય
ગ્રંથ પહેલો.

કવિવર પ્રેમાનંદના શિષ્ય

હરિદાસ કૃત

# ઈંદુ બિંદુ.

પ્રકાશક,
ધી ગુજરાત ઓરીઅન્ટલ બુકડીપો.
રતનપોળના નાકે,—અમદાવાદ.

"સત્યવિજય" પ્રેસ.—અમદાવાદ.

સન ૧૯૦૮. કીંમત બે આના.

લોકોપયોગી સસ્તું સાહિત્ય
ગ્રંથ પહેલો.

કવિવર પ્રેમાનંદના શિષ્ય
હરિદાસ કૃત

# ઈંદુ બિંદુ.

પ્રકાશક,
ધી ગુજરાત ઓરીએન્ટલ બુકડીપો.
રતનપોળના નાકે,—અમદાવાદ.

૧૯૦૮. કીંમત બે આના.

શ્રી "સત્યવિજય" પ્રિન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

# પ્રસ્તાવના.

ઇંગ્રેજી તેમજ બીજી ભાષામાંથી મહાન્ કવિઓના કાવ્યના અમુક અમુક ભાગો, ટુંકા છતાં ઉપયોગી ખુલાસા સાથે ઘણી પુસ્તકપ્રસારક કે પુસ્તકપ્રકાશક મંડળીઓ છપાવી બહાર પાડે છે. તેવીજ રીતે ગુજરાતી ભાષાના ઉત્તમ કવિમાંનાં અમુક અમુક કાવ્યોના અમુક અમુક રસિક અને બોધક ભાગ ખાસ જુદા કાઢી તેને નાના પુસ્તકના રૂપમાં બહાર પાડવામાં આવ્યા છે. નાનાં, સસ્તાં, અને ઉપયોગી પુસ્તકો વાંચવા જનસમૂહ વધારે લલચાય છે, એ નિર્વિવાદ છે. આવાં પુસ્તકોથી ગુજરાતી સાહિત્ય વાંચવા ગુર્જર પ્રજા આકર્ષાશે, અને તેઓ ગુજરાતી સાહિત્યની કદર કરવા લાગશે, એવી આશા રાખી શકાય છે. નિશાળોમાં ચલાવવા જેવાં ગુજરાતી કવિતાનાં સસ્તાં અને સારાં પુસ્તકોની મોટી ખોટ છે, એ તો દેખીતુંજ છે. પ્રકાશકનો ઉદ્દેશ તેવી ખોટ પૂરી પાડવાનો છે. ગુજરાતી ભાષાની કદર થવા લાગી છે, એ દેશોન્નતિનું આશાભર્યું અને ઉજમાળું ચિહ્ન છે. ગુજરાતી ભાષાને એમ. એ. જેવી પરીક્ષામાં પણ સ્થાન આપવામાં આવ્યું છે, અને મૅટ્રિક્યુલેશનની પરીક્ષામાં પણ ગુજરાતી ફરજીઆત દાખલ કરેલું છે, તેથી આપણી માતૃભાષા બીજી ભાષાની બરાબરી કરવામાં હવે પશ્ચાત નહિ પડે એવી આશા રાખી શકાય છે.

ઇંગ્રેજી તેમજ ગુજરાતી શાળાઓના છોકરાઓ આ નાનાં પુસ્તકો વાંચી, તેમાંથી જ્ઞાન, બોધ, અને આનંદ મેળવશે, એવી આશા છે.

કર્ત્તા.

# 'ઇંદુ બિંદુ.'

કવીશ્વર પ્રેમાનંદના કવિપુત્ર વલ્લભે 'મિત્રધર્માખ્યાન' લખ્યું છે. આ પુસ્તકમાં સારા અને નરસા મિત્રનો ભેદ બતાવ્યો છે. સદ્‌ગુણી માણસ હંમેશાં જય પામે છે, અને દુર્ગુણી માણુસની લોકમાં અંતે હાંસી થાય છે, અને તે કમોતે મરે છે એવું પણ બતાવ્યું છે. 'મિત્રધર્માખ્યાનમાં, કવિએ જે કથા કલ્પી છે, તેનો સાર નીચે આપ્યો છે, કારણ કે તે કથામાંથી આ નાના પુસ્તકમાં થોડો ભાગ—માત્ર ૫૦૦ લીટી જેટલો જ પસંદ કરી લીધો છે.

ગુજરાતમાં માનસ અથવા રત્નપુરી નામે એક નગરી હતી. તેમાં બે બ્રાહ્મણો રહેતા હતા. આ બંને બ્રાહ્મણો મિત્ર હતા. તે બંનેને ઘડપણમાં માત્ર એક એક છોકરો થયો; એકનું નામ ઇંદુ અને બીજાનું નામ બિંદુ હતું. બંને છોકરાઓ ભણી ગણી હોશિઆર થાય માટે તેમના વૃદ્ધ પિતાઓએ તે બંનેને જનોઇ દીધા પછી ભૃગુક્ષેત્રમાં (હાલ ભરૂચ છે, તેની પાસેનું સ્થળ) ગુરૂ પાસે ભણવા મોકલ્યા. અભ્યાસ કર્યા પછી ઇંદુ સદ્‌ગુણી અને વિદ્વાન્ નીવડ્યો, અને બિંદુ તો બિંદુ જ રહ્યો. જ્યારે તેઓ ગુરૂને ત્યાં ભણતા હતા, ત્યારે પણ બિંદુ ઇંદુ ઉપર વેર રાખતો, તેની ચાડી ખાતો અને પોતે ખોટી ખોટી બડાઇ મારતો. ગુરૂને ઘેર ભણી રહ્યા પછી તેઓ ઘેર જવા નીકળ્યા, ત્યારે દુષ્ટ બિંદુએ ઇંદુનો ઘાટ ઘડવાનો ઇરાદો કર્યો, અને રસ્તામાં એક ગામમાં જ્યારે ઇંદુ રાત્રે સુતો હતો, ત્યારે તેને મરણતોલ કરી બિંદુ નાશી ગયો. ઘેર જઇને તેણે ઇંદુ મરી ગયાના સમાચાર કહ્યા, પણ તેના બોલવામાં શક

પડવાથી તે બંનેના બિચારા ઘરડા બાપ ઇંદુની શોધ કરવા
નીકળ્યા, પણ કંઇ પત્તો લાગ્યો નહિ. બિંદુએ રત્નપુરીના રાજાને
યજ્ઞ કરાવવાનું કામ માથે લીધું, પણ તેનામાં તેટલી આવડત
નહતી, તેથી બે મહિના પછી યજ્ઞ કરાવવાનું બાનું કાઢી
શહેર છોડી નાઠો. એવું બન્યું કે જે ગામમાં તેણે ઇંદુને
મરણતોલ કર્યો હતો, તેજ ગામમાં તે આવ્યો. ઇંદુ મરણ-
તોલ થયો હતો, પણ ગામના મુખીની સારવારથી અને
ઇશ્વરકૃપાથી તે સાજો થયો હતો, અને વિદ્યાબળને લીધે
ઇંદુ ત્યાં મોટો આચાર્ય થઇ પડયો હતો. આ વાત બિંદુ
જાણતો ન હતો. જ્યારે ઇંદુએ બિંદુને જોયો, ત્યારે તે સદ્-
ગુણી ઇંદુએ પોતાને મારી નાંખવાનો યત્ન કરનાર દુષ્ટ બિં-
દુને ઉલટું માન આપ્યું. બિંદુ એટલો બધો દુષ્ટ હતો, કે
આટલું બધું કર્યા છતાં તે ઇંદુની મુખીના પાસે ખોદણી કર-
વા લાગ્યો. મુખી ચીડાઇ ગયો, અને તેને મારી નાંખવા મારા
મોકલ્યા, પણ ભલા ઇંદુએ બિંદુને પાછો બચાવ્યો. બચાવ્યો
એટલુંજ નહિ, પણ તે બિંદુનો શિષ્ય થઇ રાજસભામાં ગ-
યો, અને ત્યાં બિંદુને જય અપાવ્યો. બિંદુ કેટલો નઠોર નિ-
ર્લજ અને કૃતઘ્ની હતો તે જુઓ. હજુ તે રાજાની સમક્ષ
ઇંદુની નિન્દા કરવા લાગ્યો અને તે કંઇ જાણતો નથી, અને
પોતે બધું જાણે છે, તેવું કહેવા લાગ્યો. રાજાને શક પડવા-
થી ઇંદુને બધી બાબતનો ખુલાસો પૂછ્યો. આ વખતે પણ
ઇંદુએ બિંદુને બચાવી લીધો. મુખી જે ત્યાં આવ્યો હતો,
તેણે બિંદુનું પોગળ ખુલ્લું કરી દીધું, એટલે રાજાએ ગુસ્સે
થઇ બિંદુના હાથ કાપી નાંખવાની સજા ફરમાવી. દયાળુ ઇં-
દુએ-પરોપકારી ઇંદુએ,-અનેક અપકાર ઉપર ઉપકાર કરનાર
ઇંદુએ-રાજાને આજીજી કરી બિંદુને બચાવ્યો. ઇશ્વર સત્યનો
બેલી છે, સદ્ગુણીને જય અપાવનાર છે, અને દુષ્ટ તેમજ

દુર્ગુણોને શિક્ષા કરનાર છે, તે પ્રમાણે મિંદુ અંતે ક્રમોતે મરી જાય છે, અને કથા પૂરી થાય છે.

૧–૫૦૦ ગુરૂને ઘેરથી ઘેર જવા માટે ઇંદુ મિંદુ નીકળે છે, ત્યાંથી આ પુસ્તકમાં કથાની શરૂઆત કરી છે, અને ઇંદુને શોધવા ગયા છતાં નિષ્ફળ નીવડેલા અને લુંટાઈ પાછા ફરેલા બંનેના વૃદ્ધ પિતા પાછા ઘેર આવે છે, ત્યાં સુધીની કથા આપી આ પુસ્તકની સમાપ્તિ કરી છે.

૧–૧૨. ઇંદુ અને મિંદુ ગુરૂ પાસેથી રજા લઈ ઘેર જવા નીકળે છે, ત્યાંથી આપણી કથાની શરૂઆત થાય છે. ઇંદુ ઘણા વિવેકથી ગુરૂ પાસે રજા માગે છે, અને ગુરૂને વિદ્યા આપવાને બદલે કંઈક દક્ષિણા માગવા પ્રાર્થના કરે છે.

# ઈંદુ બિંદુ

દ્વાદશમું વર્ષ તેહ, ગુરૂકુળ મધ્ય રહ્યા,
પછે ગયા ગુરૂકને, બોલ સુણો તેતણા;
ઈંદુ કે' અખિલેશ્વર, હવે ઘેર જવાતણી,
આજ્ઞા અમને તો દીજે, જાઉં ઘેર બે જણા. ૪૦
ગુરૂદક્ષિણા શી આપું, દ્વિજદેવ બોલો મુખ,
માત તાત વૃદ્ધ મારાં, દુઃખ ધરતાં હશે;
માટે ઘેર જવાતણી, ઇચ્છા થાય ગુરૂદેવ,
નીકર ન જવું ગમે, વા'લ આપનું વસે;
ઇચ્છા નવ જવા દેવા, આપકેરા અંતરમાં,
જવું નહિ તો જરૂર, રંગાયો ગુરૂરસે;
વદી એમ કર જોડી, કરગરતો ઊભો તે,
પછે બિંદુ બોલ્યો મુખ, જાવાના તે તો જશે !! ૪૧
પૂર્ણ ભર્યું હોય પાણી, સરોવર માંહી સાંઇ !
પક્ષી પ્યાસ ટાળવા રે', સૂકાયે રહે નહિ;
યાચક યાચવા જાય, ધનવાન કને રોજ,
ધન મળ્યા પૂઠ તજે, ખૂરૂં કો કહે નહિ;
ફળદ્રૂપ વૃક્ષ ભાળી, પક્ષીઓ કરે કલોલ,
ઉડી જાય શુષ્ક થયે, ( તે ) વાટમાં વહે નહિ;
શીખી રહ્યા પૂઠ શિષ્ય, ગુરૂઘેર નવ રહે,
જાણતા જનો જરૂર, વાંકામાં વહે નહિ !! ૪૨
ગુરૂદેવ મારી કને, ગુરૂદક્ષિણા તો માગો,
કર્મે અમારે શીખ્યા છું, નથી કોએ શીખવ્યું !

ઢંગે રહી માગશો તો, અમી શાકાશે ગુરૂજી,
નીકર અપાય નહિ, પેટ ભરી ભીખવ્યું ! !
પંડિત બનાવ્યા પૂજ્ય, અમારા જેવા ન કોઇ,
માગી લ્યોને માટે આજ, લક્ષણ એ લીખવ્યું;
એમ વદી નમ્યો તેહ, ગુરૂજીને લાગ્યું ઘણું,
પછી વદ્યા તેહ મુખ, રાડ્યે તજ્યું રીખવ્યું. ૪૩
પ્રિય વત્સ ઇંદુ મારા, જઇ માત તાત જુઓ,
બ્રહ્મચર્ય ખાંતે ખુઓ, ગૃ'સ્થધર્મ પાળજો;
વાનપ્રસ્થ પછે પાળી, મોક્ષ મેળવજો ભાઇ,
સફળ કરો ભણેલું, દુષ્ટગુણ ટાળજો;
ગુરૂદક્ષિણા જે દેવા, અંગમાં ઉમંગ તારે,
મારે પણ લેવી તેહ, બદલો ન વાળજો;
શીખ્યાકેરૂં સ્મર્ણ રાખો, દક્ષિણા એ માગું અમો,
બીજું ન કાંઇ જોઇએ, સર્વાને સંભાળજો. ૪૪
બિંદુ મુનિરાજ ! તમે, બ્રહ્મક્ષર ભણ્યા નથી,
ભણવાના નથી માટે, રજા અમો આપિયે;
ખાંતે ખાઇ બગાડ્યું છે, ભલું સર્વ ભગાડ્યું છે,
જૂઠું અંગ જગાડ્યું છે, કશું કૂડું કાપિયે ?
નામના ગુરૂ અમે છું, તમે પણ ગણો તેમ,
ગુરૂદક્ષિણા શું દેવી, શાકાજે સંતાપિયે ?
દ્વેષ કરવો ન કોશુ, ગુરૂદક્ષિણાં એ આપો,
પછે ઘેર જાઓ બન્ને, સત્ય એ આલાપિયે ! ! ૪૫

ગુરૂજીએ કહ્યું એમ, ક્ષેમ વાંચ્છી ઉભયનું,
રે'મ દિલ રાખી ઘણી, જાવ કહ્યું મુખથી;
ઉલ્લાદથી આશિર્વાદ, ગુરૂજીએ આપ્યો જયારે,
ત્યારે બે તૈયાર થયા, નમી ચાલ્યા સુખથી;
પ્રિયમિત્રને મળ્યા જે, ગુરૂપત્નીને નમ્યા જે,

પછે આજ્ઞા માગી સૌની, નીકળ્યા તે દુઃખથી;
આવજો ઉભય ભ્રાત, કા'વજો પો'ચ્યાની વાત,
ભૂલી નવ જશો ભાઈ, રૂપ રંગ રૂખથી. ૪૬
તપોવન એમ તજ્યું, વળાવવા આવ્યા મિત્ર,
વારૂ વાત કરી તેશુ, એક કોશ ચાલતાં;
પછે ઊભા રહ્યા બેય, ભાવ આણી ભેટયા ઘણા,
વળો પાછા વળો હવે, ખાંતે કહ્યું ખાળતાં;
મન ઊભું રે'વા કરે, ચલાવવા કહે સ્નેહ,
એમ રાડ્ય જાગી ઝગી, અર્ધ કોશ ટાળતાં;
ઊભા રહ્યા નવ જ્યારે, પ્રિય મિત્ર ઘણું કરે,
ત્યારે બેઠા દ્રુમ નીચે, મિત્રત્વ સંભાળતાં. ૪૭
વારૂ વાતો વીતી કરી, કોલ અન્યોઅન્યે આપ્યા,
વદાડ મળ્યાનો કરી, જવા કાજ ઊઠિયા;
પાછા વળ્યા મિત્ર સર્વ, આગે પળ્યા ઉભય તે,
જુએ પાછું વાળી વાળી, રૂઠિયા કો ત્રુઠિયા;
જણાતા રહ્યા તે જ્યારે, વાતો કરવા સૌ લાગ્યા,
અરે ગયા ઘેર એ બે, આપણે તો લુઠિયા;
સુખી થશે થાવ ભલે, દિન એવા આવે કયારે,
આપણાં તો કર્મ કૂડાં, રામ તેણે રૂઠિયા ! ! ૪૮
વિચાર એવો કરંતા, ધ્યાન મિત્રનું ધરંતા,
કો જળે ચક્ષુ ભરંતા, પાછા વળી ચાલિયા;
ત્યાંય કોઈ ઊભા રહ્યા, સૂમ જેવું રૂપ ધારી,
હા ! હા ! મિત્ર ગયા બન્ને, નેત્રે ન નિહાળિયા;
કયારે મળે કારમા એ, મળવાની આશા શેની ?
આવ્યા ગયા દેવ કોક, ભાળિયા તે ભાળિયા;
જણાતા રહ્યા તે જ્યારે, ત્યારે કેટલાક શિષ્ય,
હા ! હા ! ફરી પાછા વળ્યા, ચક્ષુદ્વય ઢાળિયાં. ૪૯

ઉભયની વાત કરી, સંભારી સંભારી વળી,
નિશાસા તે નાખે ઘણા, હવે ઇંદુ મળે ક્યાં !
સુખરાશી નભઇંદુ, શુક્લપક્ષે સુખ અર્પે,
અષ્ટમીથકી વધારે, રૂપ આવું રળે ક્યાં ?
આ તો હરનિશ આપે, ચંદ્રથી વધારે સુખ,
ફેર રજ મેરૂ સમ, વિધુકેરૂં વળે ક્યાં ?
મેળવજે મિત્ર વે'લો, પરમેષ્ઠિ પ્રેમ આણી,
વિજ્ઞપ્તિ અમારી એ છે, વદે હૃદે બળે ક્યાં. ૫૦
એમ શોચ કરતા સૌ, તપોવન ગયા ચાલી,
ભાળી નવ સુખઘડી, સ્નેહબંધ એવા છે !
સ્નેહાસ્નેહ જીતેલા જે, તેહ ગુરૂ તર્ફ઼ ડે છે,
હા ! હા ! ઇંદુ ગયો ક્યહાં, ગુણ જોવા જેવા છે !
ગોરાણી ને ગુરૂસુત, રાત દિન રટે નામ,
ઇંદુ આવી શકે ઊભો, કશું લેવા દેવા છે !
મિંદુકેરૂં સ્મર્ણુ ટળ્યું, ઇંદુથી ન મન વળ્યું,
સદ્ગુણ સ્વરૂપ રળ્યું, એજ મીઠા મેવા છે !! ૫૧
હવે મિત્ર ઉભયની, કથની કથેછે કવિ,
સાફ કર્ણ કરી સુણો, ભલાઇનઃ ભોગ છે;
મોઘેરૂં મળેછે માન, કિંતુ સ્વાર્થકેરૂં ભાન,
ભગાડવું જોઇએ તેણે, જુલમી એ જોગ છે;
ગુરૂચર્ણપ્રતાપથી, ઇંદુ એ વિદ્યા કમાયો,
વાહ વાહ થઇ તેણે, બળ્યા બીજા રોગ છે;
સદ્ગુણ સાચવો સૌ, દુરગુણ દૂર કરી,
ઇંદુ સમી મળે કીર્તિ, સુભાગ્યનો યોગ છે. ૫૨
વાટે ચાલતાં વિચાર, બન્ને કરવાને લાગ્યા,
માત તાતને મળું જૈ, ધન્ય દિન આવિયો;
પથ કરવો કઠિન, નદી નાળાં વાટ આવે,

રાત્ર પડી, ભાવે નહિ, પ્રભુ ત્યાંહી લાવિયો;
વાહન કે પાળો ભલે, પથદુઃખ સરખું છે,
તેમાં છે અજાણ્યા આ ન, ફેલ જાણે ફાવિયો;
અરે પ્રભુ એની ઘડી, કષ્ટ કેરી આવે એમ,
કરીશ ન ક્યારે તું તો, સદ્‌ગુણ સજાવિયો ! ૫૩
પૂરો પથ લાંબો હોય, ધીમે ધીમે ચાલવાથી,
ટુંકો થઈ જાય નિશ્ચે, લોક એવું વદે છે;
એ ન્યાયે કરીને બન્ને, ધીમે ધીમે આવ્યા ચાલી,
ભાળી મહી સાગરથી, ભૂરૂં કાંઈ બદેછે ?
મહીનાં કોતર લહ્યાં, ભયાનક ભારે ઘણાં,
સૂર્યનું ન ચાલે કશું, મર્દી રહ્યો મદે છે;
ધોળે દિને રેન દર્શે, કૃષ્ણપક્ષ સમી જાણ,
આહા રહી આવી હાણ, કોમળ બે કદે છે. ૫૪
કોણ કોનો કરે દૂર, ભારે ભય આવી પડ્યો,
સૂઝે નવ સીધી વાત, ભયનો ઉદય હા !
વાઘ વરૂકેરા શબ્દ, વાર વાર થાયે ઘણા,
જંગલના પ્રાણીથકી, જ્યાં ત્યાં ભય ભય હા !
ઘેર જવાકેરી આશા, મૂકી ચાલતા ચતુર,
સૂઝે નવ બીજું કાંઈ, તેમાં કાચી વય હા !
ક્રૂર શબ્દ સુણી કાંક, રાંક થઇ પડે બન્ને,
વળી ઊઠી વાટ ગ્રહે, કંપતુ હ્રદય હા ! ૫૫
કાળું કાળું ભંમર છે, મહીમાતકેરૂં પાણી,!
વાણીથી કે'વાય નવ, થાય મતિ રાંકડી,
ઝાડબીડ જણાય ન, જણાય તે ગણાય ન,
ગણાય તે ભણાય ન, મતિ થાય સાંકડી;
જયાં ત્યાં ભયનો ઉદય, પૂર્ણ મધ્યાન્હ શો હવો,
એવે નદીતીર આવ્યા, વાટ લહી વાંકડી;

ઢાળ એવે એક મોટો, ઉતરવાતણો આવ્યો,
હારી થાકી ગયા બન્ને, લાગી એવે આંકડી. ૫૬
ઉતરી રહ્યા તે ઢાળ, કે ચઢાવ આવ્યો તેવો,
ઉતરતાં ચઢતાં બે, થાકી ગયા અતિ છે;
તરફડે તૃષાએ તન, અતિશે મુઝાયે મન,
અમુઝાયે અંગોઅંગ, થઈ દીન ગતિ છે;
ટેકરા ચઢે છે જ્યારે, ત્યારે નદી નિકટ તે,
જુએ છે જરૂર પણ, રૂઠી એની રતિ છે;
ઉતરે છે ખોની મધ્ય, લય થાય જળ ત્યારે,
રે રે કરી રાડ્ય પાડે, મુઝાઇ ત્યાં મતિ છે. ૫૭
કાચકી બંધાઈ કંઠ, પડે ઊઠે ચડે બન્ને,
એમ કરતાં તે આવ્યા, એ જાણ્યા મહી કને;
ઘણું નીર જોઈ કહે ઇંદુ જેમ તેમ કરી,
અરે આ યમુના નદી, નક્કી ભાસેછે મને;
કિંતુ કોઈ પેર કરૂં, નિર્ણય હું નક્કી કરી,
યમુના જો હોય તો તો, જીતિયા સહુ જને:
પ્રભુ કેવી પૂરે આશ, પાસ આવ્યા એવે બન્ને,
પાણી માંહી ઉતરીને, નીરાશી કેવા બને ! ૫૮
જઇ પીએ પાણી જેવે, તેવે ખારૂં લાગ્યું તેહ,
નીરાશી અતિશે હવા, ભોગ કર્મના જુઓ;
મહા મહાયત્ને મળ્યું, પાણી ગઇ પ્યાસ નવ;
પછે કર્મ કિયાને સૌ, શ્રોતા વક્તા તો રૂઓ;
બિંદુ કહે ઇંદુ તારાં, પાપિષ્ટ છે પાદ નિશ્ચે,
નીકર નદી શે ખારી? કર્મ જોગ એ હુઓ;
મુખ માંહી પેસે નહિ, પીવાય તે પછે કેમ,
તૃષાતુર રહ્યા બન્ને, પ્રભુ કષ્ટ એ ખુઓ !! ૫૯
ઉઝર્યા પાદ અતિ, તેને ખારવાળું પાણી,

અડતામાં આગ ઉઠી, બા'ર બન્ને નિકળ્યા !!
અણજાણ્યા જળ મધ્યે, ઉતરી જવાય કેમ,
ઉંડા પાણીતણો ભય, લાગતાં પૂરૂં રળ્યા !!
નદીતીરે વૃક્ષકયાંથી, બેઠા તપી રેત મધ્ય,
એવે કૃપા કરી કૃષ્ણે, ઉતરતા બે મળ્યા;
ઉતરતા જોઇ જન, ઉઠી ગયા તેણી ગમ,
અતિ ભાવ ધરી પૂછયું, તૃષ્ણાથકી તે ટળ્યા ! ૬૦
ઇંદુ કહે સા'ય કરી, પ્રત્યક્ષ ઇશ્વરે આવી,
અકળ કળા પ્રભુની, કળી કોથી જાય છે ?
બિંદુ કહે માથાફોડ, માલવની કરે શેણુ,
કાળા પ્રભુ હોય કેમ ? ગુણ વ્યર્થ ગાય છે;
ઇંદુ કહે કલિયુગ—વિષે પ્રભુ કાળા નકી.
શાસ્ત્રસંમત છે વાત, લાગી બિંદુ લા'ય છે;
જૂઠી વાત જલપેશુ, પૂરેપૂરૂં બોલાય ન,
એ રૂપ શાં પ્રભુકેરાં, વ્યર્થ અલ્યા વા'યછે ? ૬૧
ઇંદુ કહે કૃષ્ણ અને, બલરામ બુદ્ધિમંત,
સા'ય કરવા બે આવ્યા, પ્રભુનું શું કામ છે ?
બિંદુ મર્દ બની વધ્યો, નીલાંબર કાળા કયાંથી,
સમજાવે ખોટી વાત, ગાંડાતણાં ગામ છે ?
ઇંદુ કહે ખોટું નથી, ગુજરાતે આવી વસ્યા,
રણછોડ ત્રિકમ તો, બન્ને ઘનસ્યામ છે;
બિંદુ કહે માથાફોડ, મૂકી ચાલ્ય ચલાય તો,
પૂછી જોયું જતા રે'શે, તારામાં શા રામ છે !! ૬૨
એમ વાતો કરતા તે, નિકટ ચાલી જ્યાં ગયા,
એવે હતા નોતા થયા, બન્ને જણ તે ઘડી;
બિંદુ કોપ કરી વધ્યો, મૂર્ખ ઇંદુ તું અતિશે,
વાદ કરવા લાગ્યો શે, પીડા આવી આ પડી;

ગુરૂકેરૂં ધર નો'ય, કે હા હા સહુ કો કરે,
ચાલે નવ મારી સાથ, વાંકું વધે રે' રડી;
ઇંદુ કહે કટુ વેણુ, ભ્રાત મારા વદે શેણે,
રજ નથી મારો દોષ, થઇ વાર કાં વડી ? ૬૩
ગયા પથ બતાવીને, પ્રભુ નીરતીર તરી,
ઉતરીએ ચાલ્ય વેગે, શુભ લગ્ન આજ છે;
બિંદુ કહે જાજા મૂર્ખ, હવે કાંઇ બોલીશ ન,
જાણું તને મોટો અમે, પુણ્યકેરી પાજ છે !!
ઇંદુ કહે પાપિષ્ટ હું, ચાલ્ય ભાઇ ચિંતા ટળી,
ઉતરીએ નદી તીર, થાય જ્યાં ત્યાં કાજ છે;
એમ બન્ને વદતા તે, મહીપાર ગયા ચાલી,
પાણી પીવા મન કર્યું, વપુથી એ વાજ છે !! ૬૪
કાંક લાગ્યું ખારૂં અને, કાંક મીઠું લાગ્યું પાણી,
બન્ને જણે પીધું ખૂબ તૃષા કાંઇ જાય છે ?
નમામાથી કે'ણા મામા, મળી આવે ખરા માને,
તેમ બન્નેનું થયું ત્યાં, ઇંદુ ગુણ ગાય છે;
બિંદુ પ્રભુને ન માને, આસ્થાવાન ઇંદુ અતિ,
આવ્યો ઢોળ ચઢી ચાલ્યા, મેલે ભરી કાય છે;
કેટલુંક ગયા જયારે, અવનવું લહ્યું ત્યારે,
કવીશ્વર કથે સર્વ, હવે કશું થાય છે. ૬૫
બાર ચૌદ સોળ અને, અઢાર વર્ષની વય,
એવા બાળ કોળીતણા, મળી આવ્યા વાટમાં;
દીન દ્વિજ દેખી કરી, કને ચાલી આવ્યા તેહ,
વદ્યો એક તેમાંથકી, ધુમરાઇ ધાટમાં;
અલ્યો ભાંજ સે ભાંજ સે, તમારી પાંહે દિયોને,
સમજ્યા ન બન્ને કાંઇ, આવિયા ઉચ્ચાટમાં;
એવે એક આવી માર્યું, ઇંદુકેરા પાદમધ્યે,

આડું અતિ જોરે કરી, પડયો ચતાપાટમાં. ૬૬
ઈંદુ પડયો જોઇ ઝટ, મિંદુ સર્વ ત્યાગી તર્ત,
મૂઠિયો વાળીને નાઠો, દુંગા કહે ઠીક છે;
બન્નેતણાં લેઇ વસ્ત્ર, ફાડી નાખ્યાં પુસ્તકને,
ચાલી ગયા ચાંપ કરી, વળી દુઃખનીક છે;
તર્ફડે છે ઇંદુ અતિ, મિંદુ મૂકી નાશી ગયો,
અપશુકન થયા ન, નીકળે ન છીંક છે;
કશું જોવા જેવુ નથી, કોઇકેરૂં કોઇ નથી,
એમ ધારી ઉઠયો ઇંદુ, માની બુરી બીક છે. ૬૭
ચલાય ન તોય ચાલે, કરે કશું વાટ માંહી,
જ્યાં ત્યાં ગયો ચાલી તેહ, આવ્યું કને ગામ છે;
જુએ જન જતા ઘણા, પૂછે નવ ઇંદુ કોને,
શકે પ્રાણ ગ્રહે આવી, ઠગ આ સૌ ઠામ છે;
એવે એક હરિભક્ત, તુલસીની માળવાળો—
લહ્યો ત્યારે પૂછ્યું તેને, ગામનું શું નામ છે?
દીન દ્વિજ દેખી કહું, જમફૂઈ નામ આનું,
જાળવીને રે'જો ભાઈ, જએ રામ રામ છે! ૬૮
ઈંદુ વિચારે છે મન, ભય કાંઇ હતો નહિ,
હતો તેહ ગયો ચાલી, બીક હવે શેની છે!
પીડા થાય પાદ મધ્યે, ગમે તેમ રે'વું પડી,
દુભવ્યા મેં ગુરૂદેવ, પીડા આ સૌ તેની છે!
વિચારતો એમ આવ્યો, ગામકેરી ભાગોળમાં,
જન જોઈ પૂછ્યું તેને, અહીં વસ્તી કેની છે?
ઠાકોર વહેંસે હઉ, કિમ અલ્યા પૂસે કે'ની,
ઘરોડા હું જાણે નહિ! અવદશા એની છે! ૬૯
વળી જોઈ બીજો જન, પૂછ્યું ધર્મશાળા છે કૈં,
તેણે કહ્યું ધર્મશલ્યા, મુછીકેરે માથ છે;

ઈંદુ કહે ભાઈ મારે, એક રાત વાસો રે'વું,
ભલું થશે જો બતાવો, સૌને હ્રદે નાથ છે;
દયા આવી દિલ્લ તેને, શંકે આશ વસ્ત્રતણી,
ધરી કરી બોલ્યો તેહ, સીધો કરી હાથ છે;
ઓલ્યા મા'દે' માંહે જઇ, પડી રે'ને પાથરો તું,
એમ કહી ગયો ચાલી, સોંધાનો કો સાથ છે? ૭૦
મહાદેવ મધ્ય જાતાં, લહ્યો મિંદુ જમતો ત્યાં,
હેત આણી ઈંદુવદ્યો, ભાઈ મારો ભાગ છે;
મિંદુ કહે ઠીક થયું, આવી પો'ચ્યો અલ્યા તુંય,
વાટ તારી ઘણી જોઈ, ભલું તારૂં ભાગ્ય છે;
આ ઘડામાં પાણી ભર્યું, સ્નાન કરી લે તું ઝટ,
તારા વિના જમું નહિ, અતિ અનુરાગ છે;
ઈંદુ કહે સત્ય ભ્રાત, કોણુ તારા વિના મારૂં,
ભાઈ ભાગી ગયા બેય, મારે મારા પાગ છે. ૭૧
એમ વાતો કરંતા તે, કર્મવિધિ આટોપીને,
જમી ઊઠયા બન્ને જણ, વસ્ત્ર ગણ્યાં બેય છે;
મિંદુએ માંડી કહ્યું સૌ, ભિક્ષા માગી લાવ્યો અન્ન,
ભલું અહીં કોઇ નથી, વસે દુષ્ટ જેય છે;
ઈંદુએ વૃત્તાંત કહ્યું, મિંદુ પૃછ્ય વીત્યું સર્વ,
સૂઇ ગયા બન્ને જણા, વદું થયું તેય છે;
મિંદુ મન મધ્ય શોચે, જીવતો રહ્યો આ શેણે?
ઘેર જઇ સર્વ કે'શે, મારો તજ્યો એય છે. ૭૨
ફોક ફજેતી તો થાશે, લોકલાજ લાગે ઘણી,
શોક એવો શાંતિ નવ, અર્પતો એક ઘડી:
મન મધ્ય એમવળી, આવતા વિચાર તેને,
મારા કરતાં એની તો, વાત મનાશે વડી;
વાહવાહ ઉચ્ચારશે, નિંદાઇશ નકામો હું,

એનો ભાર ભલો વધે, પીડા આવી એ પડી:
વિચાર હું કરૂં નહિ, લેઇ જાઉં અરિ સાથ,
માનહાનિ થશે મારી, અવદશા આ અડી. ૭૩
ભલે ભણ્યો નથી હુંય, તોય મેં અપાર લહ્યું,
મારા જેવો કોઈ જન, રત્નપુરીમાં નથી;
ઝાલું સર્વકેરા કાન, કિંતુ ઇંદુ આગે નવ,
રજ માત્ર ચાલે મારૂં, ડરે રથીથી રથી !
ભાઇ જેવા અમે બેય, ગુરૂ લોક ગણે જાણ્ય,
છતાં તજ્યો એકલો મેં, કહું ફૂડું શું કથી;
વાત એ કરે કદાપિ, ઘેર જઇ ધુમંડીથી,
બિંદુ મને મૂકી ગયો, જે કાજે મુઓ મથી. ૭૪
મારાં અને એનાં બન્ને, માતપિતા સ્નેહી ઘણાં,
નિંદશે મને નકામો, ત્યારે હવે શું કરૂં;
ભલે ઘેર જાઉં નહિ, નાશી જાઉં કેંક બીજે,
ઘેર જવે સાર નથી, હેત પ્રીત શે હરૂં;
એક ગ્રામતણા વાસી, વયમાં સમાન બન્ને,
શિષ્ય એક ગુરૂકેરા, વધતો એ ઉચ્ચરૂં ?
ભલે મોત થાય મારૂં, જાઉં નહિ એની સંગ,
અરે હવે કેમ કરૂં, દિલમાં વૃથા ડરૂં ! ૭૫
લાવ્ય એને પૂરો કરૂં, પછે જાઉં ઘેર ચાલી,
પોક મૂકી લોક આગે, ખરો થવાને રહું;
મચર્ડીને મારૂં આજ, વાર કરૂં શેણે વડી,
કાજ કરી જાઉં નાશી, સ્વાર્થસિદ્ધ શે અહું ?
મહામોટા મુનિઓએ, આવાં કૃત્ય કર્યાં ઘણાં,
પાપ નથી રજ એમાં, ઘાટ બેઠો શે ઘડું ?
કાળું કૃત્ય કરવાને, કાળી રાત કારમી છે,
કોઈ જન જાગે નહિ, છાતી પર હું ચડું ! ૭૬

વિચારીને વિધ વિધ, વાત દૃઢ કરી નાખી,
શલ્યા એક વડી ગ્રહી, નાખું એની ઉપરે;
પછે જાઉં નાશી હુંય, અન્ય રીતે મરાય ન,
વેળા વટી જાય અરે, દિલ કહે શે ડરે !
કોનો મિત્ર કોનો બંધુ, સ્નેહ એમ ત્યાગી કરી,
શિલા શોધવા તે ચાલ્યો, હેત પ્રીત સૌ હરે !
વાયુ વાયાથકી કાંઇ, ખખડે જો પત્ર પડયાં,
કંપ થાય કારમો ત્યાં, રામ રામ ઉચ્ચરે ! ૭૭
શિલા શોધી જડે નહિ, અરે હવે કરવું શું,
ઇંદુ મારવો મેં નિશ્ચે, છોડવો ન છેક એ;
શિલા મળી નવ જ્યારે, ત્યારે દૃઢ ધ્યાન ધર્યું,
ગર્દન દબાવી મારૂં, તોડું નવ ટેક એ;
એમ વદી ગયો પાસ, સ્વારથી મા'ક્રૂર થઈ,
સંબંધને ભૂલી ગયો, ભ્રાત એકમેક એ;
વ્યર્થ ઢાંકવાને ઊઠયો, પૂર્ણ પૂર્ણિમાનો ઇંદુ,
મારૂં હું મચરડી એને, ભૂલિયો વિવેક એ. ૭૮
મારવાને જાય તંડી, વળી અટકી રહે તે,
અરે મેં મરાય કેમ, નક્કી હવે મારવો;
જાણનાર જાણીગયો, અંતરાત્મા મારો આજ,
માટે મૂકવો ન હવે, અરિ શે ઉગારવો !
એમ દૃઢ કરી મન, કને ચાલી ગયો જેવે;
અનાયાસ ઈંદુ હાલ્યો, વેરી જાણે વારવો;
નાશી ગયો બિંદુ દૂર, અરે હાય જાગી ઊઠયો,
કંપતો કાયાની મધ્ય, ભુલ્યો અર્થ સારવો ! ૭૯
વળી ઉભો ગયો ઈંદુ, બિંદુ પાસ જઇ ઊભો,
વાયુ અતિ વેગે વાયો, કંપ્યો દુષ્ટ અંગમાં;
કાર્ય ધાર્યું થાય નહિ, મૂર્ખતા મૂકાય નહિ,

ચોટય તો ચૂકાય નહિ, જીતાય ન જંગમાં;
આખર તે ખર બની, ઉપાડવા ભાર લાગ્યો,
ઉપાડિયો જોત જોતે, આવીને ઉમંગમાં;
ગર્દન પર પાદ મૂકી, મારી પેટ માંહી પાટુ,
ઈંદુ તર્ફ કર્યો અતિશે, ખાર વાળ્યો ખગમાં. ૮૦
ગર્દન દબાઈ ઘણી, લાગી પેટ માંહી પાટુ,
આવી પો'ચી અંત ઘડી, બેશુદ્ધ બની ગયો;
મુખ પર લાત ઘણી, નાકમાં મારી અપાર,
ક્રૂર કર્મ યમ જેવું, કરી તે સુખી થયો !
મુખ અને નાકથકી, રૂધિર ત્યાં વે'વા લાગ્યું,
તોય ઘણો માર માર્યો, મિત્રધર્મ એ લહ્યો ! !
ધિ:ક સ્વાર્થ તને ધિ:ક, મૂર્ખતા મર્ણથી ભુંડી,
સાષ્ટાંગ છે સો સો તને, દુષ્ટ જીવતો રહ્યો ! ! ૮૧
મુકકા અને લાત મારી, થાકી ગયો જ્યારે દુષ્ટ,
ત્યારે શાંત થઇ બેઠો, થાક ખાવા કારણે;
જાગ્યું પોતાકેરૂં પાપ, જગાડયા અરિ તેણે ત્યાં,
દુ:ખ દેવા લાગ્યા તેહ, જુઓ ધ્યાન ધારણે;
આ હિંસાથી ખાશે કોક, અરે પોક પડી કયહાં,
શકે લોક ધરે મુને, આવી પડું વારણે;
લાવ્ય વે'લો જાઉં નાશી, એમ વદી ઊઠી ચાલ્યો,
ઉતાવળો પળ્યો પંથે, ગયો ગામ બારણે. ૮૨
પડધા સ્વપાદ કેરા, પડે તેણે ડરે ઘણો,
અરે ! હાથ આવ્યો ઈંદુ, પકડી પાડયો મને;
છોડાવશે કોણ હવે, મચડીને મારશે એ,
અરે અરે માર્યો ઘણો, ક્યાંથી આવ્યો એ કને !
હવે કશું કરવું મેં, મૂકય મૂકય ઈંદુ મને,
જીવતો જવાદે આજ, થયો જૂઠો હું જને;

મેં તો તને માર્યો નથી, દિલથી ડરાવ્યો નથી,
એવું તેવું વદે મુખ, નાસતો વે'લો વને ! ! ૮૩
પડે અને ઊઠે વળી, અરે ગામ લોકે વાત–
જાણી ઝાલવા સૌ આવ્યા, કહો કશું કરૂં હું !
ભાઇ ! એનો મારનાર, નાશી ગયો નિશ્ચે કૈંક,
નથી માર્યો મેં તો એને, દિલ બિચ ડરૂં હું;
એમ ડરતો તે દુષ્ટ, ચાર કોશ ગયો ચાલી,
સવાર થવા જ્યાં આવી, ધાર્યો ભાર ભરૂં હું;
ડર નથી હવે કશો, જાણે નવ કોઇ વાત,
ડરવાનું રહ્યું નથી, મોત આવ્યે મરૂં હું ! ! ૮૪
રત્નપુરી પાસ આવ્યો, મળ્યો માત તાતને;
બિંદુ ભણી આવ્યો ભાઈ, લોકે સુણી વાત તેહ,
પ્રસરી પુરમાં વાત, જાણુ થયું જાતને;
જ્યાં ત્યાંથકી લોક આવ્યા, પૂછતા કુશળક્ષેમ,
ભાઈ ભણ્યો વિદ્યા કંઇ, વધારી કે' વાતને;
આનંદનો અર્ણવ ત્યાં, ભરતીવાળો દેખાયે,
હૃદયની જાણે કોણ, ખરીખોટી ખ્યાતને ! ૮૫
જે તે લોક આવી ગયા, પૂછી વળ્યા પાછા ઘણા,
બિંદુતણા પિતા વદ્યા, ભાઇ ઇંદુને મળું;
સુખે સર્વ બેસો અહીં, એને મળી આવું અમો,
વાર વડી થશે નહિ , કેવો થયો તે કળું;
એમ વદી ઉઠ્યો તેહ, તદા બિંદુ મુખ વદ્યો,
નથી આવ્યો એ તો તાત, એના દુઃખમાં બળું,
વિઘ્ન વાટ મધ્ય આવ્યું, તેમાં મોત થયું એનું,
મારવા મને સૌ આવ્યા, વેરથી સામો વળું!!
એમ મેં વિચારી વાત, અને લઢવા હું ગયો,
મારનાર નાસી ગયા, ધન માલ લેઇને;

રડી થાકી નક્કી રહ્યો, ચાલ્યું નવ કાંઇ મારૂં,
કાષ્ટ ટોળે કરી પછે, આવ્યો દેન દેઇને,
વાત સુણી કંપ્યા સર્વ, અરે હાય ! આ શું થયું,
વગોવાયો વૃદ્ધ પિતા, કહું કથા કેઇને,
એવે મિંદુ આવ્યાતણી, વાત ઇંદુપિતાએ ત્યાં,
સુણી કે તે ધાઇ આવ્યો, સગાં સાથ લેઇને. ૮૭
ઓળખીને અનુમાને, મિંદુ હૃદે સાથ ચાંપ્યો,
અરે ભાઇ ઇંદુ કયહાં, વારૂ વે'લા આવિયા;
વૃદ્ધ માતપિતાતણું, દુઃખ ધાર્યું દિલ માંહી,
સર્વેશ્વર કરે સુખી, ભલા સૌને ભાવિયા !
આવતો નથી શે ઇંદુ, કહે ભાઇ ગયો કયાંહી,
તારી સાથ આવ્યો નથી, હેત ઉપજાવિયા;
વૃદ્ધજન વદે ઘણું, ઉત્તર ન આપે કોઇ,
રડવાને લાગ્યો મિંદુ, ફંદ રચ્યા ફાવિયા. ૮૮
વિચાર કરી તે વધ્યો, હું ને ઇંદુ બન્ને જણ,
નિકળ્યા ગુરૂઘરથી, મળવા સ્વજનને;
વળાવિયા ગુરૂદેવ, હેત પ્રીત કરી ઘણી,
પાંશરો પથ લૈ પછે, મુદ કર્યું મનને;
વાટયમાં વીસામા કરી, ચાલતા એ ધીમે ધીમે,
અંગ ઉમંગ અપાર, વટાવતા વનને;
મહીતીર આવ્યા જયારે, ત્યારે ઇંદુપિતા વધ્યા,
અરે ભાઇ શું લુટાયા ? જાહેર છે જનને ! ૮૯
હાય ! મારો ઇંદુ કયહાં, મરાયો શું તેની મધ્ય !
વૃદ્ધપણે વગોવ્યો શું, વેલો વદ આજ તું;
મિંદુ કહે ના ના એવું, અશુભ થયું ન કાંઇ,
વૃદ્ધ કહે વદ વેગે, કરચ આજ કાજ તું;
મિંદુ કહે લુંટી લીધા, વિખુટા પડ્યા પછે બે,

વૃદ્ધ વસુંધરા પડ્યો, રામજી ન રાજી તું !
ભાઈ પછે થયું કેમ, રજેરજા માંડી કહે,
લક્ષણ લાગે છે અંગ, વૃદ્ધપણું લાજતું. ૯૦
બિંદુપિતા ત્યારે વદ્યો, અરે સુત ! શું તું વદે ?
' થયું ઇંદુ મર્યું ' કહ્યું, પૂછિયું પે'લાં અમે;
બદલી તું બોલે કેમ, સુત મારો છે કે નહિ,
ગોષ્ટિ ભેદભરી તારી, દેહ સર્વની દમે !
બિંદુ કંપને દબાવી, જંપને જાળવી લેતો,
સાંપનો દાખવે સાજ, ભુંડું એનું સૌ ભમે;
અનુમાન કર્યું મેં તો, જ્યારે અહીં આવી સુણ્યું,
કે ઇંદુ આવ્યો ન અત્ર, કરી વાત મેં જમે. ૯૧
કહ્યું મરાયો હશે એ, પણ એવું નથી તાત,
સાથ હતા અમે બન્ને, વિખુટા પડ્યા સુધી;
લીધું એની પાસનું સૌ, પછે હણે ચોર કેમ,
અનુમાન થાય નહિ, દૃષ્ટિએ ચઢ્યા સુધી;
અરે હાય ! કરી પડ્યો, ઇંદુકેરો વૃદ્ધ પિતા,
શીખવેલો શુક ગયો, અંગથી અડ્યા સુધી;
હર્ષ હોય જેને ઠામ, શોક નાસે ત્યહાંથકી,
આ તો બન્ને થયા ભેળા, લાચાર લડ્યા સુધી. ૯૨
ઉકલે ન એકે વાત, જીવતો રહ્યો હશે એ,
એમ કલ્પના કરે સૌ, વળી ભંગ થાય છે;
બબોલી સુણીને સર્વ, નિંદવા બિંદુને લાગ્યા,
ગભરાયો કોઇ કહે, ખરેખરું ગાય છે;
અર્ધપક્ષ ખરું માને, માને અર્ધપક્ષ જાહું,
કોઇ કહે માર્યો એણે, વાયુ એવો વાય છે;
નિર્ણય કરાય નવ, અનુમાન કરે ઘણા,
ઇંદુપિતા વદ્યો ત્યારે, હાય ! શ્વાસ જાય છે ! ૯૩

મિંદુ કહે મને ઘણી, બીક લાગે જાતાં પિતા,
અધુના હું આવું નહિ, માસ બે કહું ખરૂં;
ઇંદુપિતા વધો ત્યારે, અમો તારી સાથ આવું,
ભયને ભગાડી દેઉં, અસત્ય ન ઉચ્ચરૂં;
માને નવ મિંદુ તોય, વે'મ વધે તેમ તેમ,
પડી ગયું કાળું મુખ, બયાન આગે કરૂં;
ચાલી ગામ માંહી વાત્ત, ઇંદુને મિંદુએ માર્યો,
માને નવ માને કોઇ, હેત થાય શે પરૂં. ! ૯૪
આગ્રહ કર્યો અપાર, મિંદુને તો સાથ લેવા,
હકાર ન કહ્યા તેણે, કાળું મુખ તો થયું;
મિંદુકેરા પિતાએ ત્યાં, સમજાવ્યો સુત ઘણો.
તેનું પણ માન્યું નહિ, વહુ વાટ્યમાં વહ્યું;
મિંદુ ના ના કહે જેમ, તેમ વે'મ દૃઢ થાય.
ઇંદુપિતા ઉઠયો પછે, લા'ણુ જ્યારે ના લહ્યું;
મિંદુતણો બાપ કહે, વારૂં રહે એકલો તું,
અમો વૃદ્ધ સાથ વળું, હતું શું ને શું ગયું ? ૯૫
મિંદુએ ઉત્તર નવ, એવું સુણ્યું તોયે આપ્યો,
તેનો પિતા ઊઠયો તર્ત, સ્નેહીને મળ્યો જઈ;
ચાલો શોધવાને જઇએ, વાર વડી કરો શેણે ?
માને નવ મૂર્ખસુત, થાકયો બોધ હું દઇ;
વેર વસ્યું તેના પર, બોલે નવ સીધું કોઇ,
સાચી જૂઠી વાત ચાલી, મોંપર કોએ કહી;
માન્યું નવ કોઇતણું, શોધવા ગયો તે સાથે,
બ્રહ્મક્ષેત્ર ભણી વળ્યા, વાટ્યમાં આવી મહી. ૯૬
ભાળી મહી ભવાબ્ધિવશા, મહાત્મ્યવાળું અતિશે,
કાળું ભંમર છે પાણી, ભ્રષ્ટ કરનાર હા !
સાધુને અસાધુ કરે, દાતાને અદાતા,

અચૌરને ચૌર કરે, કોણ તરનાર હા !
ભલાકેરી ભલાઇને, બૂરાડી દે બૂરાઈમાં,
ચૌરતાઇ ચાંપે ચિત્ત, ભુંડું ભરનાર હા !
ભૂલાવે છે ભણેલાને, દુલાવે છે ડાહ્યાને એ,
ભૂલાવે છે મૌલ્યવાન, છે કો તરનાર હા ! ૯૭
એવી મહીતીર આવ્યા, વૃદ્ધ વળી મિત્ર બન્ને,
ભૂલ્યા ભલો સ્નેહ તર્ત, લાગ્યા વૈર દાખવા;
અલ્યા તારા સુતે મારો, માણીગર માર્યો પૂત,
ઘાત કરૂં તારો આંહી, વૈરવન્હિ નાખવા;
કોણ મિત્ર ગણે તને, વિષકુંભ ભરેલા શા,
ઉપર આચ્છાદ્યું પય, ચોટ્ય દેને ચાખવા;
વદી એમ વયોવૃદ્ધ, દોડયો મારવાને વેગે,
સિંદુપિતા સામો થયો, રહ્યો પ્રેમ પાખવા. ૯૮

સજ્જન આગે ન ચાલે, દુર્ગુણ કે દુષ્ટ સ્થાન,
સામા થતા સમજ્યા એ, અખંડિત સ્નેહ છે;
સગાવા'લા અન્ય મળી, સમજાવે સાચી વાત.
જૂઠી જડાવી દે દોક, ખરો વૈરી એહ છે;
સમાધાન થયું જ્યાં ત્યાં, ઉતર્યા કોતર મધ્ય,
કોળી કારમા ત્યાં મળ્યા, મહી ભક્ત જેહ છે;
આઠ દશ જન હતા, શોધ કરનાર સાચા,
દૂધ કોળીએ તમાચા, મારિયા ઉજેહ છે. ૯૯
હાકેટીને લીધાં વસ્ત્ર, શસ્ત્ર અસ્ત્ર સાથ નહિ,
મારો મારો મુખ વદી, દ્વિજને ડરાવિયા;
લીધાં જુનાંપૂનાં વસ્ત્ર, તુમડી દોરી ને છરી,
ચીકટો ચીકટવાળો, લેઇને ભમાવિયા;
ઘસિયાની ગાંઠડી ને, લાકડી લીધી સંગાતે,
લેઇ ચાલી ગયા ચૌર, ત્રાસ ઉપજાવિયા;

જન્મતાં જેવું સ્વરૂપ, હતું તેવું થયું કોનું,
કોકતો વેરાગી બન્યા, ફંદમાંહી ફાવિયા,
શરમાયા નાશી છુટયા, અસ્તોવ્યસ્ત થયા એમ,
શોધવાનું શોધી રહ્યા,ગયા ઘેર દુઃખથી;
ઈંદુકેરા પિતાએ ત્યાં, વેરવાત મૂકી પડી,
મિંદુશુ મીઠાશ ધરી, વાત પૂછી મુખથી;
ખરી વાત ભાઇ કહે, હવે સુત મારો તુંય,
તારી વાત માનું સર્વ, સમ ખાઉં સુખથી;
ત્યારે વદ્યો મિંદુ તર્ત, સુણો પિતા સાચું કહું
ભેદ નવ ભણ્યો હુંય, રાજ્યતજું રૂખથી. ૧૦૧
ઇંદુકેરા પિતા તમે, માનતો નથી હું રજ,
મારા પિતા ગણું સત્ય, ઇંદુ મિંદુ એકછે;
રમણું તજો તેનું તમે, તે તો નાશી ગયો નક્કી,
ભણવાને ભલી વિદ્યા, તન ધર્યો ટેક છે;
નારદ કે શારદ શો, પંડિત બનું હું પૂરો,
ત્યારે ઘેર આવું નક્કી, વપુએ વિવેક છે;
એમ કહી ગયો ચાલી, દક્ષિણ દિશાએ વળ્યો,
આવશે જરૂર એતો, વાણી વતરેક છે. ૧૦૨

# ઇંદુ બિંદુ.

૧. દ્વાદશ=બાર.

૨. કે'=કહે.

૩. અખિલેશ્વર.—અખિલ=સર્વ; સર્વના ઇશ્વર; સૌથી મોટા. ગુરૂ તરફ માનની લાગણી હોવાથી તેને અખિલેશ્વર કહ્યા છે.

૪. ગુરૂદક્ષિણા—વિદ્યાર્થીઓ જૂના કાળમાં ગુરૂને ત્યાં રહી ભણતા, અને તેની સેવા કરતા. ભણી રહ્યા પછી ગુરૂને દક્ષિણા આપવાનો રિવાજ હતો. હાલની પેઠે પહેલેથી ફી લઇ વિદ્યાર્થીઓને ભણાવવામાં આવતા નહતા.

૫. દ્વિજ—દ્વિજ=દ્વિજનો અર્થ બે વખત જન્મેલો એવો થાય છે. એક કુદરતી જન્મ અને બીજો જન્મ જનોઇ અપાયા પછીનો ગણાય છે.

૧૦. રંગાયો—રસે. ગુરૂના રસથી (પ્રેમથી) હું રંગાયોછું. ગુરૂની મારા ઉપર એટલી બધી પ્રીતિ છે, કે મને જવું ગમતું નથી.

૧૨–૨૮. બિંદુ ઘણો તોછડો અને અહંકારી છે. ગુરૂનો ઉપકાર માનવાને બદલે તે ઉદ્ધતાઇથી ઘેર જવા નીકળે છે, અને 'ગરજ સરી એટલે વૈદ્ય વેરી' તેના જેવું કરે છે, અને કહે છે કે ગુરૂએ કશું શીખવ્યું નથી.

૧૨. જાવાના–જશે. જે વિદ્યાર્થી જવાના હશે, તે તો ગુરૂ કહેશે તો પણ જશે ને નહિં કહે તોપણ

જશે. મારે પણ ગુરુની આજ્ઞાની જરૂર નથી.

૧૩. સાંઇ=ગુરૂ.

૧૪. પ્યાસ=તરસ.

૧૮. શુષ્ક=સુકું.

૨૦. જાણુતા—નહિ. જે લોકો જાણે છે, તે તો ખોટે રસ્તે જાય નહિ.

૨૪. ભીખવ્યું—ભીખ મગાવી. તમે તો પેટભરીને ભીખ માગતાં શીખવ્યું છે. બીજી કશી વિદ્યા શીખવી નથી.

૨૬. લીખવ્યું—લેખવ્યું.

૨૯–૩૬—ગુરૂજી ઇંદુનો વિનય જોઈ બહુ પ્રસન્ન થાય છે, અને તેને ઘેર જઇ, પરણી, ઘરસંસાર સારી રીતે ચલાવવા આજ્ઞા આપે છે. દક્ષિણામાં ગુરૂએ માગી લીધું કે તારે મને કંઇ આપવું નહિં, અને જે અહીંઆં શીખ્યો છે તે યાદ રાખજે.

૨૯. વત્સ—મૂળ અર્થ છોકરો–અહીંઆં વહાલનો શબ્દ છે. ગુજરાતીમાં આપણે ‘ ભાઇ ’ કહીએ છીએ તેવો.

૩૦. બ્રહ્મચર્ય—કુંવો. પરણજે જૂના કાળમાં જ્યાં સુધી વિદ્યાર્થી ભણતા હોય, ત્યાં સુધી તેને પરણાવવામાં આવતા નહિ. તેઓ ભણી રહ્યા પછીથીજ પરણતા.

૩૦. ગૃહસ્થધર્મ પાળજે—ગૃહસ્થ તરીકેના ધર્મ પાળજે.

૩૧. વાનપ્રસ્થ—સંસાર વહેવાર ચલાવી, મોટા થયે સ્ત્રી સહિત વનમાં જઇ વાસ કરવો તેને વાનપ્રસ્થ કહેવામાં આવે છે.

૩૪–મારે–વાળજો—ગુરૂ તરીકેની જે દક્ષિણા હું માગું છું તે એટલીજ છે કે તારે કોઇ પણ જાતનો બદલો વાળવો નહિ. ગુરૂનું મોટું મન છે તે આ ઉપરથી સમજાય છે.

૩૭–૪૪—બિંદુ કેવો નઠારો છે, તે ગુરૂજી કહે છે. ગુરૂનું મોટું મન છે, એટલે બિંદુના ઘણા દોષ છતાં તે મહાત્મા તેને કોઇનો દ્વેષ કરીશ નહિ એવી છેવટની શિખામણ આપે છે. ગુરૂને ત્યાં તે બંને જણ ભણતા હતા, ત્યારે પણ બિંદુ, ઇંદુની ઈર્ષ્યા કરતો હતો તે ઉપરથી ગુરૂજી તેને છેવટની ચેતવણી આપે છે.

૩૭. મુનિરાજ—મુનિરાજા. મુનિમાં શ્રેષ્ઠ બિંદુને મશ્કરીમાં ઉત્તમમુનિ કહ્યા છે.

૩૭. બ્રહ્માક્ષર—વેદ શિખડાવ્યા પહેલાં 'ૐ' પ્રથમ શિખવવામાં આવે છે, તે ઉપરથી પહેલું પગથિઉં પણ તું શીખ્યો નથી; ટુંકામાં તને કક્કો પણ આવડતો નથી.

૩૯. ખાંતે—બગાડયું છે. હોંસથી–જાણી જોઇને–તું કંઇ શીખ્યો નહિ, અને બધો વખત નકામો કાઢયો; ટુંકામાં તેં કાંઇ સાર્થક કર્યું નહિ.

૩૯. ભલું—છે. તારામાં જે કંઈ સારા ગુણ હતા, તે પણ તેં છોડી દીધા છે. તું ઘણો દુર્ગુણી બન્યો છે; અથવા તારૂં ભલું થાય તેવું તેં કાંઈ કર્યું નથી.

૪૦. જૂઠું—છે. તારા અંગમાં તેં જૂઠું જગાડયું છે, એટલે કે તું અધર્મી અને દુરાચરણી બન્યો છે.

૪૦. કશું—કોપિયે ? તું એટલો બધો દુષ્ટ છો કે હું તને સુધારી શકું તેમ નથી, એટલે તારા દુર્ગુણ દૂર કરવાની મારામાં શક્તિ નથી.

૪૩. કોણુ—કોઇનો.

૪૪. આલાપિયે—કહીએ. બોલીએ.

૪૫. વાંચ્છી=ઇચ્છી.

૪૫. ઉભયનું—બંનેનું.

૪૭. ઉલ્લાદ—ઉલ્લાસ.

૫૦. નીકળ્યા—દુઃખથી. ઘણા દિવસ રહ્યાથી તે જગ્યા છોડવાનું આકરૂં લાગ્યું, તેમજ મિત્રોથી છૂટા પડવાને લીધે દુઃખ ઉપજ્યું.

૫૨. રૂપ—રૂખથી. તમને રૂપ અને રંગ પ્રાપ્ત થાય એટલે કે તમે મોટા થાઓ, ત્યારે અમને રૂખથી—જાણી જોઇને—ભૂલી જશો નહિ.

૫૩. તપોવન—જે વનમાં ગુરૂ આગળ તેઓ ભણતા હતા તે.

૫૪. વારૂ—સારી.

૫૬. ખાળતાં—અટકાવતાં—જેઓ ઘણે દૂર વળાવવા આવ્યા હતા તેને અટકાવતાં.

૫૭. મન—સ્નેહ—તેઓનાથી જુદું પડવું ગમતું નથી, તેથી મન આગળ ચાલવાની ના કહે છે, પણ ઘરડા પિતા તરફનો સ્નેહ તેઓને આગળ ચાલવા કહે છે.

૬૦. દ્રુમ—ઝાડ.

૬૧. ૭૬—તપોવનના મિત્રોનો શોક વર્ણવ્યો છે.

૬૧. કોલ—વચન.

૬૨. વદાડ—વાયદો.

૬૩. પળ્યા—ચાલ્યા.

૬૪. રૂઠિયા—નાખુશ થયા.

૬૪. તુઠિયા—સંતોષ પામ્યા.

૬૬. લુઠિયા—આળોટ્યા. એટલે કે આપણે તો અહીંના અહીંજ પડ્યા રહ્યા, અને એ બંને તો ચાલ્યા ગયા.

૬૮. તેણે—તેથી કરીને, આપણાં ખરાબ કર્મને લીધે.

૭૩. કારમા—અદ્ભુત.

૭૪. આવ્યા-કોક—કોઈ દેવ આવ્યા હોય ને થોડીવાર પછી જતા રહે—અંતર્ધાન થઇ જાય—તેમ તેઓ આવ્યા ને થોડીવાર પછી ચાલ્યાગયા.

૭૬. ચક્ષુદ્વય ઢાળિયાં—બંને ચક્ષુને ઢાળ્યાં. જે શિષ્યો ઇંદુ બિંદુને એક નજરે જોઈ રહ્યા હતા, તે જોતા બંધ પડ્યા.

૭૭. ૮૪—આ લીટીઓમાં ઇંદુનાં વખાણ કર્યાં છે. ઇંદુ એટલે ચંદ્ર. ઇંદુને ચંદ્રની સાથે સરખાવ્યો છે, અને ઇંદુ ચંદ્ર કરતાં પણ ચઢી જાય તેવો છે, કારણ કે ચંદ્ર તો રાત્રેજ સુખ આપે છે, અને ઇંદુ તો રાત દહાડો સુખ આપે છે. વળી ચંદ્ર તો અજવાળીઆમાં સુખ આપે છે, પણ ઇંદુ તો અજવાળીઆ તેમજ અંધારીઆમાં સુખ આપે છે.

૭૮. સુખરાશી—સુખનો ઢગલો. ઘણુંજ સુખ આપનાર.

૭૯. નભઈંદુ—આકાશ માંહેનો ચંદ્ર.

૭૯. શુક્લપક્ષ—અજવાળીઉં.

૮૦. રૂપ—ક્યાં ?—આવું એટલે ઇંદુના જેવું અજવાળીઆ તેમજ અંધારીઆમાં આનંદ આપે તેવું રૂપ ક્યાંથી મેળવે ? નજ મેળવે ઇંદુ ચંદ્ર કરતાં પણ રૂપમાં ચઢી જાય છે.

૮૧. હરનિશ—અહર્નિશ ઉપરથી હરનિશ શબ્દ થયો છે. દિવસ અને રાત; રાત દહાડો.

૮૨. ફેર—સમ.—ઈંદુ ચંદ્ર કરતાં કેટલું વધારે સુખ આપે છે ? તે બંનેમાં કેટલો ફેર છે ? તેના જવાબમાં કહેવાનું એટલુંજ કે જેટલો રજકણુ અને પર્વતની વચ્ચે ફેર છે, તેટલો ઈંદુ અને ચંદ્રમાં ફેર છે. ઈંદુને પર્વતની સાથે અને ચંદ્રને રજકણુની સાથે સરખાવેલો છે.

૮૨. વિધુ—ક્યાં—વિધુ=ચંદ્ર. ચંદ્રનો ક્યાં પત્તો ખાય !

૮૩. પરમેષ્ઠિ—બ્રહ્મદેવ.

૮૪. વિજ્ઞપ્તિ—વિનતિ.

૮૪. વદે—ક્યાં—અમારૂં હૃદય બળે છે, પણુ તે હૃદય પોતાનું દુઃખ ક્યાં જઇને કહે ?

૮૫. ૯૨—ગુરૂ, ગુરૂપત્ની અને ગુરૂના છોકરાના શોચનું વર્ણન કર્યું છે. ગુરૂ જ્ઞાની હતા, એટલે તેમની નજરમાં બધા એક હતા, છતાં તેને પણ ઈંદુ માટે લાગે છે. ગોરાણી અને ગુરૂના છોકરાનો પણુ ઈંદુ તરફ ઘણો પ્રેમ હતો. ઈંદુ ઘણો સદ્ગુણી હતો, અને તેથી તેણે બધાંની પ્રીતિ મેળવી હતી, એવો કહેવાનો ભાવાર્થ છે.

૮૭. સ્નેહાસ્નેહ જીતેલા જે—જેણે સ્નેહ અને અસ્નેહને જીતેલા છે; જે બધા તરફ એક સરખી નજરથી જુએછે.

૮૯. ગોરાણી—ગુરૂની સ્ત્રી.

૮૯. ગુરૂસુત—ગુરૂનો છોકરો.

૯૦. કશું—ગોરાણી અને ગુરૂસુતને અને ઇંદુને કંઇ

સંબંધ નહતો, છતાં ઇંદુએ પોતાના સદ્‌ગુણ-
વડે તેની અનહદ પ્રીતિ મેળવી હતી.

૯૧. બિંદુ—ટળ્યું—બિંદુને તો બધાં ભૂલી ગયાં. તે ગુરૂને
ઘેર પણ ઇંદુની ચાડી કરતો ને ભણતો
નહિ માટે.

૯૧. ઇંદુ—વળ્યું—ઇંદુમાં મન ચોંટી રહ્યું.

૯૨. સદ્‌ગુણ—મેવા છે ! ઇંદુ સદ્‌ગુણને લીધે જ બધાંની
પ્રીતિ મેળવી શક્યો.

૯૩—૧૦૦—બિંદુ ઘણો સ્વાર્થી હતો, અને ઇંદુ નિઃસ્વાર્થી
હતો, તેથી તેને કીર્તિ મળી એવું કવિ
કહે છે.

૯૩. કથની—વારતા.

૯૪-૯૫—મોંઘેરૂં—તેણે. કીર્તિ મેળવવા માટે પોતાનો
સ્વાર્થ તજીદેવાનો ગુણ માણસમાં
હોવાની જરૂર છે.

કિંતુ=પણ, તેણે સ્વાર્થ કેરૂં ભાન ભગાડવું (જોઇએ).

૯૭. ગુરૂ ચર્ણ પ્રતાપથી—ગુરૂના ચર્ણના પ્રતાપથી, ગુરૂની
કૃપાથી.

૯૭. એ વિદ્યા કમાયો—સ્વાર્થ તજીદેવાની વિદ્યા.

૧૦૧-૧૦૮—એક તરફથી રસ્તો ઘણો વિકટ હોવાથી ઇંદુ,
બિંદુને ચિંતા થાય છે, અને બીજી તરફથી
માબાપને મળવાની આશાથી સુખ ઉત્પન્ન થાયછે.

૧૦૩. પથ—રસ્તો; વાટ.

૧૦૪. રાત્રી—લાવિયો—રાત્રિ પડી, અને પ્રભુ ભાવે નહિ
તેવી—જ્યાં ચોર, વગેરેની બીક લાગે
તેવી—જગ્યાએ લાવ્યો.

૧૦૫. વાહન—છે—વાહનમાં જાઓ કે પગે ચાલતા જાઓ

તોપણ પથદુ:ખ-રસ્તા માંહેનું દુ:ખ-સરખું છે.

૧૦૬. તેમાં—ફાવિયો—ઇંદુ બિંદુ બંને અજાણ્યા હતા, અને રસ્તો વિકટ હતો, તેથી આવા વિકટ રસ્તામાં રાત્રિએ યુક્તિ પ્રયુક્તિ કરી તેમજ બીજા ઢોંગ કરી મુકામ કરવાની જગ્યા મેળવવાનું તેઓ જાણતા ન હતા.

૧૦૭-૧૦૮. ફેલ=ઢોંગ, ફાવિયો=પોતાને ફાવે તેવો. ફાવિયો ફેલ ન જાણે.

૧૧૦. ઢુંકો—ઢુકડો—નજીક.

૧૧૨. ભાળી—સાગરશી—સાગર (દરિઆ) જેવી મહી નદી જોઈ.

૧૧૨. ભૂરૂં—બદે છે? જે ભૂંડું થવાનું હોય તે કોઈના વશમાં રહે છે? કોઇને, વશ રહેતું નથી, એટલે થવાનું હોય છે તે થાય છેજ.

બદવું—તાબે રહેવું.

૧૧૪. સૂર્ય—બદે છે- કોતરના અંધકારમાં સૂર્યનું તેજ પડતું નથી.

૧૧૫. રેન—રાત્રિ.

૧૧૫. કૃષ્ણપક્ષ—અંધારીઉં.

૧૧૬. હાણ—નુકસાન.

૧૧૬. કોમળ—છે—ઇંદુ બિંદુનું કદ કોમળ છે. હજુ તેઓ પુખ્ત વયના થએલા નથી, તેથી શરીર પણ કોમળ છે, એટલે આવાં ભયંકર કોતરની બીક લાગે તેમાં શી નવાઈ?

૧૧૭. ૧૨૪—બંનેની બીકનું વર્ણન છે.

૧૨૧. ઘેર—ચતુર—તે બંને જણા ઘેર જવાની આશા છોડીને ચાલતા હતા, કારણ કે વાઘ વરૂ ખાઇ જશે તેવી તેઓને બીક લાગતી હતી.

૧૨૨. કાચીવય—નાની ઉંમર–તેઓ હજુ માત્રબાર વર્ષના હતા.

૧૨૫. ૩૨—મહી નદી અને તેનાં કોતર કેવાં ભયંકર છે, તેનું વર્ણન કરે છે.

૧૨૫. કાળું–ભંમર ઘણુંજ કાળું.

૧૨૬. થાય રાંકડી—બુદ્ધિ ચાલતી નથી.

૧૩૦. વાંકડી—વાંકી ચુંકી.

૧૩૨. હારી થાકી ગયા—હારી ગયા અને થાકી ગયા.

૧૩૨. લાગી—આંકડી પેટમાં દુ:ખવા લાગ્યું.

૧૩૬. અમુંઝાયે—મુંઝાય.

૧૩૭. નિકટ—નજીક.

૧૩૮. રૂઠી છે—બંનેનું તેજ ઝાંખું પડી ગયું છે. બંનેનાં મોં પડી ગયાં છે.

૧૩૯. લય થાય–ત્યારે—જયારે ખોમાં ઉતરે છે, ત્યારે જળ લય થાય છે–દેખાતું બંધ પડે છે. મહી નદીનું પાણી તેઓ નીચાણુમાં હોવાને લીધે દેખાતું નથી.

૧૪૧. કાચકી કંઠ—પાણીની તરસ લાગવાથી ગળે કાચકા બંધાઈ.

૧૪૬. જીતિયા–જને—બધા લોકોમાં આપણે જીત્યા–ભાગ્યશાળી બન્યા, કારણ કે જો આ યમુના નદી હોય તો તેમાં નાહી પવિત્ર થઇશું. યમુના નદીનું પાણી પણ કાળું દેખાય છે, તેથી આ નદી કદાચ

યમુના નદી તો નહિ હોય એવી
શંકા થાય છે.

૧૪૯. ખારૂં—તેહ—તે પાણી ખારૂં લાગ્યું. મહી નદીના પાણીમાં દરિઆના ખારા પાણીનો મેળ થવાથી.

૧૫૩. પાપિષ્ટ—નિશ્રે—ઈંદુ ઉપર બિંદુ દોષ મૂકે છે, અને કહે છે કે તારાં પગલાંજ પાપી છે. તું જ્યાં હો ત્યાં શ્રેય થાયજ નહિ.

૧૫૪. કર્મ—હુઆ—કર્મનો એવો જોગ થયો. નદીનું પાણી ખારૂં થયું, તે તારા ખરાબ કર્મને લીધેજ.

૧૫૭. ઉઝર્ડાયા—પગે ઉઝરડા પડ્યા હતા.

૧૬૦. ઉંડા—રળ્યા—ઉંડા પાણીનો ભય લાગ્યો, એટલે તો તે પૂરેપૂરૂં રળ્યા. ઉપાય વિનાના થઈ રહ્યા.

૧૬૨. ઉતરતા—મળ્યા—કૃષ્ણની કૃપાથી બે જણા નદી પાર ઉતરતા હતા, તે આવી મળ્યા.

૧૬૫-૨૦૪ ઈંદુ આસ્તિક હતો અને બિંદુ નાસ્તિક હતો. નદીપાર જે બે આદમી ઉતરતા હતા, તેને ઈંદુએ ઈશ્વરરૂપ માન્યા, અને ઇશ્વરે સાક્ષાત્ આવી રસ્તો બતાવવામાં મદદ કરી એમ તે કહેવા લાગ્યો. નાસ્તિક બિંદુ તેની સાથે તે ઇશ્વરનાં રૂપ નથી, તેવી તકરાર કરવા લાગ્યો. તેવામાં પહેલા બંને જણા દેખાતા બંધ થઈ ગયા— અંતર્ધાન થઈ ગયા. બિંદુ ઉલટો ઈંદુનો વાંક કાઢી તેને ધમકાવવા લાગ્યો. ઈંદુએ બધું ધીરજ

રાખી સહન કર્યું અને અંતે તેઓ નદીને પેલેપાર જઇ પહોંચ્યા

૧૬૬. અકળ—કળાય નહિ તેવી.

૧૬૭. માલવની—માલ વિનાની. નિર્માલ્ય.

૧૭૦. શાસ્ત્ર સમંત-વાત—એવાત સાચી છે એવી શાસ્ત્રો પણ સાક્ષી પૂરે છે.

૧૭૧. જૂઠી—ન—મિંદુ ગુસ્સે થઈ કહે છે કે ઈંદુતું નકામો શા માટે બકે છે? આ શબ્દો મિંદુ અધૂરા બોલી શકતો હતો, કારણ કે તેને ગળે કાચકી બાઝી હતી.

૧૭૨. વા'ય છે. છેતરે છે—બકે છે.

૧૭૩. બલરામ—કૃષ્ણના મોટાભાઇ.

૧૭૪. પ્રભુ—છે, પ્રભુનાં એ રૂપ છે કે એક એમ વાદ કરવાનું તારે શું કામ છે ? તે બાબતની માથાફોડ કરવાથી તને શો લાભ છે ?

૧૭૫. નીલાંબર—જેણે. નીલ વસ્ત્ર પહેર્યાં છે તે-બળરામ.

૧૭૬. ગાંડા—છે ? ગાંડા માણસનાં કંઇ ગામ વસતાં નથી. તું ગાંડો છે, અને મારી સાથે રહ્યા છતાં તેવો ને તેવોજ રહ્યા છે.

૧૭૮. ઘનશ્યામ—ઘન વાદળું; વાદળાં જેવા કાળા.

૧૮૦. પૂછી જોયું—પૂછી જો.

૧૮૦. તારામાં—છે. તારામાં કંઈ દમ નથી.

૧૮૨. જાણું—પાજ છે ' તું મોટો છે, અને પુણ્યની મોટીપાજ ( પૂલ ) છે તે હું જાણું છું. તું મોટો ધર્માત્મા છો તે હું સારી રીતે જાણું છું. મિંદુ એવું કહેવા માગે છે કે ઈંદુ ઢોંગી અને પાપી છે.

૧૯૬. વપુથી—વાજ છે—શરીરે બંને દુઃખી છે. થાકી જવાથી, તરસ લાગવાથી, તેમજ શરીરે ઉઝરડા થવાથી.

૧૯૭. કાંક—પાણી—ભરતીનાં પાણી ઉતરી જવાથી પાણી થોડું મીઠું અને થોડું ખારૂં લાગ્યું.

૧૯૯. નમામાથી—મામા—મામો બીલકુલ નહોય, તેના કરતાં કહેવાનો મામો હોય તો પણ ઠીક. બીલકુલ પાણી નહોય, તેના કરતાં આવું થોડું ખારૂં પાણી પણ સારૂં.

૨૦૦. ઈંદુ—ગાય છે—ઈશ્વર જે કરે છે, તે સારૂંજ કરે છે, એવી માન્યતાથી ઈંદુ ઈશ્વરના ગુણ ગાય છે.

૧૦૨. મેલે—કામ છે—શરીર કાદવથી ખરડાયલું હતું. નદીને સામે પાર કાદવમાંથી પસાર થવાને લીધે.

૨૦૫. ૨૨૦—રસ્તે જતાં ઈંદુમિંદુને ચોર લૂંટે છે. ઈંદુના પગમાં ઘા વાગવાથી એ પડી જાય છે, અને મિંદુ નાશી છૂટે છે. કોળીની ભાષા પણ આપેલી છે.

૨૦૯. ભાંજ=ભાંગ—(તમાકુ) કોળીઓ તમાકુનું બાનું કાઢી મુસાફરને લુંટી લેછે.

૨૦૯. સે=છે.

૨૦૯. પાંહે=પાસે.

૨૧૦. આવિયા ઉચ્ચાટમાં—ચિન્તામાં આવી પડ્યા.

૨૧૧. પદમધ્ય—પગની વચમાં.

૨૧૨. આડું—લાકડાનું આડું.

૨૧૪. દુંગા—લુંટારા.

૨૧૬. ચાંપ કરી—ઉતાવળથી.

૨૧૬. વળી—છે. દુ:ખની નીક વળી. ઈંદુને ઘણુંજ દુ:ખ થયું. એક તો પગમાં વાગ્યું તેથી, અને બીજું પોતાનાં અમૂલ્ય પુસ્તક ફાડી નાંખ્યાં તેથી.

૨૧૮. અપશુકન—છે. ઈંદુ કહે છે કે ગુરૂને ઘેરથી નીકળતી વેળા કાંઇ પણ અપશુકન થયાં નથી, તેમ છીંક સરખી પણ આવી નથી, તો પણ આમ શાથી થાય છે ?

૨૨૭. જમકૂઇ—જમનો કૂવો—આ ગામ જમના કૂવા જેવું છે.

૨૭૨. દુભવ્યા—છે. ગુરૂની ઇચ્છા ન હતી, છતાં હું ઘેર જવા નીકળ્યો તેનું આ બધું પરિણામ છે.

૨૩૫. ઠાકોર—કે, ની. અહીંઆં બધા ઠાકોર—કોળી—વસે છે; અલ્યા, કહેની કેમ પૂછે છે ?

૨૩૬. ધરોડા—નહિ. હે ધરોડા—નીચ બ્રાહ્મણ—આ ગામ કયું છે તે શું તું નથી જાણતો ?

૨૩૬. અવદશા—છે ! બિચારા ઈંદુની કેવી માઠી સ્થિતિ છે, એમ કવિ દયા લાવી કહે છે.

૨૩૮. ધર્મશલ્યા—છે. ધર્મરૂપી પત્થર મુખીને માથે છે.

૨૪૧. ૪૨—દયા—હાથ છે. તે માણસ હાથ સીધો કરી ઈંદુ ઉપર દયા લાવીને અથવા તો તેની પાસેનું વસ્ત્ર લઇ લેવાની આશાથી તેને પડી રહેવાનું સ્થાન બતાવે છે.

૨૪૩. મા'દે=મહાદેવ—મહાદેવની જગ્યા.

૨૪૪. સાંધાનો—સાથ છે. જેની પાસે માલમતા નથી, તેનો સાથ કોણ કરે ? તેની સાથે જગ્યા બતાવવા કોઈ ગયું નહિ, તેથી.

૨૪૫. ૨૮૪—ઇંદુના પગમાં જ્યારે વાગ્યું હતું, ત્યારે બિંદુ

નાશીને મહાદેવમાંજ રહ્યો હતો. તે રાંધીને જમવાની તૈયારી કરતો હતો, ત્યાં ઇંદુ આવી પહોંચે છે અને તેને ઓળખે છે; બિંદુ પકડાઇ ગયો, ત્યારે તે તેની રાહ જોતો બેઠો હતો તેવું બાનું કાઢવા લાગ્યો. બંને સાથે જંમ્યા, પણ બિંદુને ભય લાગ્યો કે આ જીવતો રહ્યો છે, તેથી ઘેર જઇ મારૂં બધું પોગળ કહી દેશે તેથી તેનો ઘાટ ઘડવાની જરૂર છે.

૨૫૦. તારા—છે. હું તારાવિના જમીશ નહિ, કારણ કે મારી તારા ઉપર ઘણી પ્રીતિ છે. બિંદુ આવી રીતે દંભ કરે છે.

૨૫૧. ૨૫૨—બિંદુ ઇંદુને છોડી નાશી ગયો હતો, તે વાતનો તે બિંદુને ટકોર કરે છે. તારા જેવો મારૂં સારૂં ઇચ્છિનાર બીજૂં કોણ હોય ? પણ ભાઇ, મારા બંને પગ ભાંગી ગયા છે. ટુંકામાં મારા પગ ભાંગી ગયા છતાં તું નાશી ગયો હતો તે હું ભૂલું તેમ નથી.

૨૫૩. કર્મવિધિ—સંધ્યા, વગેરે બ્રાહ્મણોને કરવાનાં નિત્ય કર્મ.

૨૫૩. આટોપીને—ઉકેલીને.

૨૫૭. ઇંદુએ—સર્વ બિંદુના ગયા પછી જે વીત્યું હતું તે કહી સંભળાવ્યું.

જેય=જે, તેય=તે, એય=એ.

૨૬૨. શોક—ઘડી. પોતાની ફજેતી થશે, એવા વિચારથી જે દીલગીરી થતી હતી, તેથી તેને જરા પણ શાંતિ મળતી નહતી.

૨૬૭. અરિ—દુશ્મન, ઇંદુ બિંદુનો હિતેચ્છુ છે, છતાં બિંદુ પોતાનાં કાળાં કૃત્યથી ડરીને ઇંદુથી હંમેશાં ડ-

રતો રહે છે, અને તેથી તે તેને દુશ્મન તરીકે ગણે છે.

૨૬૮. માનહાનિ—મારી. મારૂં અપમાન થશે.

૨૭૧. ઝાલું—કાન. બધાનો પરાજય કરૂં.

૨૭૨. રથો—રથમાં બેસી લડનાર યોદ્ધા.

૨૭૫. ઘુમંડીથી—ગર્વથી.

૨૭૬. જે—મથી. જેને માટે મેં ઘણુ ઘણું કર્યું.

૨૮૦. હેત—હરૂં. ઘેર જઇને મારાપર સૌની પ્રીતિ ઓછી થાય તેવું શામાટે કરૂં ? જો ઘેર જાઉં—તો તેનાવિના—તેનો કંઈક ઘાટ ઘડીનેજ જાઉં તો ઠીક.

૨૮૨. વધતો—ઉચ્ચરૂં ? તે શું મારા કરતાં વધારે હોશિઆર છે એમ શું હું કહું ? મારો જીવ જાય તો ભલે, પણ એ મારા કરતાં ચઢીઆતો છે, તે મારી જીભે હું કદાપિ નહિ બોલું.

૨૮૪, દિલમાં—ડરૂં. મનમાં શામાટે ડરૂં છું ? હવે કંઈ પણ બીક રાખ્યાવિના તેને ઠાર કરવો એજ ઉત્તમ રસ્તો છે.

૨૮૮. સ્વાર્થસિદ્ધ—અડું ? સ્વાર્થ સિદ્ધ કરવા શા માટે અટકી રહું ?

૨૯૯. ૩૦૦—મિંદુ ખુન કરવા તત્પર થયો છે. ખુની કેટલા બધા બીતા બીતા પોતાનું ઘાતકી કામપાર પાડે છે તે બતાવ્યું છે. માત્ર પાંદડાંના અવાજથી મિંદુ ડરે છે, અને બીએ છે કેર એને મને કોઇ દેખી જાય ! ખુન કરવાનું કામ કંઇ જેવું તેવું નથી. ખુન કરતીવેળા ક્રૂર હૃદયો પણ પીગળી જાય છે, અને ઘણીવેળા ખુન કરતાં માણસો અટકી જાય છે. મિંદુ

નું પણ શરીર કંપવા લાગે છે, અને હિંમત લાવવા માટે અથવા તે ભક્ત છે એમ જણાય તેટલા માટે તે–રામ રામ બોલવા લાગી જાય છે. મિંદુ ખરી રીતે તો બગભગત હતો એટલુંજ નહિ પણ તે અધમમાં અધમ ખુની હતો.

૩૦૧. શિલા—પત્થર.

૩૦૩. ત્યારે—ધર્યું. ત્યારે મનમાં નિશ્ચય કર્યો.

૩૦૭. વ્યર્થ—ઇંદુ. દુષ્ટ મિંદુ પૂર્ણિમાના પૂર્ણચંદ્રને–ઇંદુને–ઢાંકવા–( મૃત્યુના પડદાથી ) ઉઠ્યો, પણ વ્યર્થ. તે ઇંદુનું ખુન કરવા ગયો, પણ તેનો પ્રયાસ વ્યર્થ ગયો.

૩૦૯. ૩૧૬—ખુનીનું મન ખુન કરતીવેળા કેવું ઢચુપચુ હોય છે તેનું અને તે કેટલો શંકાવાળો અને ડરતો રહે છે તેનું કવિ વર્ણન કરે છે.

૩૦૯. તડી—ઉપરા ઉપરી ફટકા કે ઘા.

૩૧૪. અનાયાસ—એની મેળે.

૩૧૪. વેરી—વારવો. જાણે વેરીને દુષ્ટ કામ કરતાં વારવા અટકાવવા માટે.

૩૧૮. વાયુ—વાયો. વા ઘણા વેગથી ફુંકવા લાગ્યો, તેથી મિંદુને બીક લાગી કે ઇંદુ કદાચ પાછો જાગી જશે, તો મારૂં કામ કથળશે.

૩૨૦. ચોટચ– લાગ.

૩૨૦. જંગમાં—લડાઇમાં–ખુન કરવાના કામમાં.

૩૨૧. ખર—ગધેડો.

૩૨૧—ઉપાડવા—લાગ્યો. જેમ ગધેડો ભાર ઉંચકી લઈ જાય

છે, તેમ આપણુ પાપનાં પોટલાંનો ભાર ઉપાડવા લાગ્યો. ઈંદુને મારવાનું શરૂ કર્યું.

૩૨૪. ખંગમાં—વેરભાવમાં-વેરભાવને લીધે.

૩૨૯. રૂધિર—લોહી.

૩૩૦. મિત્રધર્મ-લહયો. લોહી વહેતું હતું, છતાં મારમારી મિત્ર તરીકેનો ધર્મ બજાવ્યો !

૩૩૧-૩૩૨-કવિ કહે છે કે સ્વાર્થ એ કેવી બુરી વસ્તુ છે કે તેથી માણુસ ખુન કરવા લલચાય છે, માટે તેવા સ્વાર્થને ધિઃક છે. જે મૂર્ખાઈથી મિત્રનું ખુન થાય છે, તેવી મૂર્ખાઈ કરતાં મોત વધારે સારૂં છે.

૩૩૩-૩૫૬-ખુનીની બીકનું આબેહુબ વર્ણન છે. મનમાં થતા તર્કવિતર્ક તેમજ પકડાઇ જવાની બીક અને અંતરમાનો ઠપકો એ સઘળાનું યથાર્થ વર્ણન કરેલું છે. ખુની, ચિત્તની અવ્યવસ્થાને લીધે ગાંડાની પેઠે ફરે છે, લવે છે, પાપને લીધે મન ઉપર દાબ રાખી ન શકવાથી પોતાનો ગુન્હો પોતેજ ખુલ્લો કરી દે છે, આ વાત જનસમૂહને ઠસાવવા કવિએ ઉત્તમ ચિત્ર ખડું કર્યું છે.

૩૩૫-જગ્યાડયા-તેણે, પાપે અરિ-દુસ્મનોને જગાડયા. મનો વિકાર તેના ઉપર સત્તા ચલાવવા લાગ્યા. મિંદુનો અંતરાત્મા તેને ઠપકો આપવા લાગ્યો.

૩૩૭-અરે-કયહાં, અરે, મને પકડવાની બૂમ કયાં પડી? પોતાને પકડવા કોઇ આવે છે, એવી તેને ભ્રાંતિ થાય છે.

૩૩૮-અરે-પકડે.

૩૩૮. આવી—વારશે—રખે મને લોકો અટકાવે.

૩૪૧. પડઘા—ઘણો—રાત્રિનો શાંત વખત છે, તેથી તે ચાલે છે, ત્યારે તેના પગના અવાજના પડઘા પડે છે. પોતે ખુન કર્યું છે, તેથી તે પગના પડઘાથી ડરે છે. ખુન કરતી વેળા ખુનીમાં કેટલી બધી હિંમત હોય છે, અને પછી તે એક સાધારણ અવાજથી પણ ડરે છે!

૩૪૪. અરે—ઘણો—મનની સ્થિતિ એવી થઈ ગઈ છે કે ઈંદુ ત્યાં નથી, છતાં તે આવી તેને ખૂબ મારે છે, એવું તે કલ્પી લે છે. ખુની કોઇ દિવસ સુખે અને શાંતિમાં રહી શકતોજ નથી, એ આ ઉપરથી સ્પષ્ટ સમજવામાં આવે છે.

૩૪૯. ૩૫૦—બીકને લીધે તે લડથડીઆં ખાઇ નીચે પડે છે, અને પાછો ઉઠે છે; અને ગામના લો-કોએ મારા ખુનની વાત જાણી છે, અને તેઓ મને પકડવા આવે છે, એવી તે ક-લ્પના કરે છે.

૩૫૨. દિલ બિચ—દિલમાં.

૩૫૬. મોત—હું—હવે હું નિર્ભય છું. મને કોઈ મારનાર નથી; કારણ કે હું ગામ છોડી દૂર ની-કળી આવ્યો છું. મોત આવશે તોજ હું મરીશ, કમોતે મરીશ નહિ. અંતે તો તે કમોતેજ મરે છે.

૩૫૭. વાટ્ય—રસ્તો.

૩૬૦. જાતને—બધી જાતને—અઢારે વર્ણને.

૩૬૨. વધારી—વાતને—બધી વાત વિસ્તારપૂર્વક કહે. મિંદુ તો ખરેખર ગપ્પા મારનાર હોવાથી વાતમાં મીઠું મરચું ભભરાવી કહે તેવોજ હતો. ટુંકામાં તે ગમે તેવી સાચી ખોટી વાત કહેતાં અચકાય તેવો ન હતો.

૩૬૩—૩૬૪—જેમ સમુદ્રમાં ભરતી આવવાથી તે વધારે જળવાળો દેખાય છે, તેમ મિંદુના આવવાથી બધાંનો આનંદ ઉભરાઈ ગયો—બધાંને ઘણો આનંદ થયો. એવું કહેવાય છે કે સમુદ્રમાંથી રત્ન નીકળે છે, પણ એ કહેવું ખરૂં હશે કે ખોટું તે કોણ જાણે છે? મિંદુનું હૃદય કેવું છે તે પણ કોણ જાણે છે, એવું કહેવાનો કવિનો ઉદ્દેશ છે.

૩૬૮. કેવો—કળું—તે (ઇંદુ) કેવો હોશિઆર થઇ આવ્યો છે, તેમજ શરીરે પણ કેવો થયો છે, તે હું જાણું.

૩૭૦. એના—બળું—એને લીધે મને જે દુઃખ થાય છે, તેમાં હું બળું છું. મને ઘણું દુઃખ થાય છે.

૩૭૧. વિઘ્ન—સંકટ.

૩૭૨. વેરથી—વળું—વેર લેવા માટે હું સામો થયો.

૩૭૪. કાષ્ટ—દેઇને—લાકડાં એકઠાં કરી તેને બાળી હું અહીંઆં આવ્યો.

૩૭૮. વગોવાયો—લોકોમાં નિન્દા થઈ. લોકો એમ કહેવા

લાગ્યા કે ઘડપણમાં એકનો એક છોકરો થયો, તેને ત્યાં ભણવા મોકલ્યા વિના શું ન ચાલતું હતું ?

૩૮૧. અનુમાને—આશરે—તેને જોયે ઘણો વખત વીત્યો હતો તેથી.

૩૮૪. સર્વેશ્વર—ભાવિયા—ઇશ્વર તમને સુખી કરો, અમે બધા તમને આવકાર દીએ છીએ.

૩૮૬. હેત ઉપજાવિયા—હેત ઉપજાવનાર-હેત ઉપજાવનાર મિંદુ.

૩૮૮. ફંદ—ફાવિયા—ફાવિયા ફંદ રચ્યા-પોતાને ફાવતા ઢોંગ કર્યા.

૩૯૦. સ્વજનને—પોતાનાં સગાંવ્હાલાંને.

૩૯૧. વળાવિયા ગુરૂદેવ—ગુરૂદેવે અમને વળાવિયા-વિદાય કર્યા-રજા આપી.

૩૯૨. મુદ—મનને—ગુરૂના વિયોગથી જે મનને સંતાપ થયો હતો તે સંતાપ કાઢી મનને હર્ષ વાળું કર્યું; અથવા માતાપિતાને ઘેર જઇ વહેલા મળીશું તેવી આશાથી મનમાં હર્ષ ઉત્પન્ન કર્યો.

મુદ—હર્ષ.

૩૯૫—૩૯૬—મિંદુ ‘ મહીતીર આવ્યા જ્યારે ’ એમ કહે છે, ત્યાં ઇંદુનો બાપ મિંદુના બોલ્યા પહેલાં અધીરાઇથી બોલી દે છે કે શું તમે ત્યાં લુંટાયા એમ તું કહેવા માગે છે કેની ? જો આમ હોય તો તેમાં કાંઇ નવાઇ નથી.

૩૯૭—૩૯૮—જો લુંટાયા હોતો હરકત નહિ પણ ઇંદુને ત્યાં

કોઇએ મારી નાખ્યો તો નથીને ?
વહેલો વદ—ઝટ કહીદે.

૪૦૨. વૃદ્ધ—રાજનું—ઇંદુ મરાયો છે એવી શંકા થવાથી, ઈશ્વરને આમ કરવું ઘટે નહિ તેમ કહી તે ડોસો પૃથ્વી ઉપર મૂર્ચ્છા ખાઇ પડયો; અથવા મને સુખ આપવાનું ઇશ્વરને ઠીક નહિ લાગ્યું હોય, તેથી ઇંદુ મરાયો.

૪૦૪. લક્ષધા—ક્ષાજતું—મારા શરીરમાં ચારે તરફથી આગ લાગી છે, અને મારું ઘરડું શરીર હવે લાજે છે, કારણકે ઘરડાને આટલી બધી મમતા રાખી શોચ્ય કરવો યોગ્ય નથી.

૪૦૮, ગોષ્ટિ—વાત.

૪૦૮. દેહ—દમે—બધાના શરીરને દમે છે–દુઃખ દે છે. બધાંને દુઃખ ઉત્પન્ન કરે છે.

૪૦૯. મિંદુ—સ્રતો—ઇંદુને મારી નાંખવાનું પાપ પોતે કર્યું છે, તેથી તે ધ્રુજતો હતો, તે દબાવીને, જેમતેમ કરી પોતે શાંતિ બતાવતો હતો–કંઇ માઠું બન્યું નથી, એવો ડોળ ઘાલવાનું કરતો હતો.

૪૧૦. ભુંડું—ભમે—મિંદુએ કરેલું માઠું કૃત્ય બદલાઇ જાય એટલે કે ઇંદુ જીવતો રહે.

૪૧૨. કરી—જમે—મેં માનીલીધું.

૪૧૮. શીખવેલો શુક—ભણેલો ઇંદુ.

૪૧૮. અંગથી અડ્યા સુધી—હાથમાં આવેલો.

૪૧૯—૪૨૦—જ્યાં હર્ષ હોય ત્યાં શોક વસે નહિ, પણ અહીંઆં તો કંઇ વિચિત્ર બનાવ નજરે પડે છે; એટલે કે હર્ષ અને શોક બંને જણાય છે. ઇંદુ મરી ગયો છે કે જીવતો છે તે જ્યાં સુધી નક્કી થયું નથી, ત્યાં સુધી હર્ષ કરવો કે શોચ તે નક્કી કેમ કહી શકાય ? હર્ષ અને શોચ બે વચ્ચે લડાઇ ચાલે છે, પણ જ્યાં સુધી એમાંથી એકનો પરાજય થયો નથી, ત્યાં સુધી હર્ષ કરવો કે શોચ એ નક્કી કરવામાં હું લાચાર–ઉપાય વિનાનો–છું.

૪૨૧. ઉકલે—સમજણ પડે.

૪૨૨. વળી—થાય છે—જીવતા રહ્યાની કલ્પના ભંગ થાય છે. તે જીવતો નહિ હશે એવી કલ્પના કરવામાં આવે છે.

૪૨૪. ગાય છે—કહે છે.

૪૨૬. વાયુ—વાય છે—એવી અફવા સંભળાય છે.

૪૨૮. ભાઈ !—જાય છે !—ઇંદુનો પિતા બિંદુને કહે છે કે જો તું મારી સાથે આવે તો આપણે ઇંદુની શોધખોળ માટે જઇએ.

૪૩૦. અધુના—હમણાં.

૪૩૪. પડી—મુખ—મોં કાળું પડી ગયું. તેણે પાપ કર્યું હતું તેથી.

૪૩૪. બયાન—વર્ણન.

૪૩૪. આગે—આગળ.

૪૩૬. હેત—પરૂં !—કેટલાક લોકો એમ માને છે કે ઇંદુ

અને મિંદુ વચ્ચે એટલું બધું હેત હતું કે તે મટી જઈ મિંદુ ઈંદુને મારે એ સંભવતું નથી.

૪૪૦. વધ્યું—વધ્યું—મિંદુના પિતાએ સાથે જવા આગ્રહ કર્યો પણ તેનું કહેવું વાટમાં વધ્યું, એટલે નકામું ગયું.

૪૪૨. લા'ણુ—લહ્યું—મિંદુને સાથે લેવામાં તે સફળ નહિ નીવડયો.

૪૪૪. અમો—ગયું ?—અમે બંને વૃદ્ધ માણસો સાથે જઈશું, હજુ કંઇ બગડી ગયું નથી. ઈંદુના પિતાને હિંમત આપવા તે આમ બોલે છે.

૪૫૩—૪૬૦—મહીનદીનું વર્ણન છે. મહીનદીનું પાણી સારા માણસની બુદ્ધિને પણ ખરાબ કરે તેવું છે, એમ કવિ કહે છે. મહીનદીનાં કોતર વાંકાંચુંકાં અને ઘણાં હોવાથી લુટારાને મુસાફરને લુંટી લેવાનું ફાવે છે. મહીનદીના પ્રદેશમાં રહેનારા કોળીઓ લુંટનોજ ધંધો કરી પેટ ભરે છે. તે પ્રદેશ વિષે એવું કહેવાય છે કે ત્યાં માતાઓ ચોર સિવાય બીજાને જન્મજ આપતી નથી !

૪૫૩. ભાળી—ભવાબ્ધિ શી—મહીનદી સંસારરૂપી સાગર જેવી છે. જેમ સંસાર રૂપી સાગરને તરી જવો મુશ્કેલ છે, તેમ મહીનદીને સહીસલામતીથી પાર ઉતરવી મુશ્કેલ છે.

ભવ=સંસાર, અબ્ધિ=સમુદ્ર, શા=જેવી.

૪૫૪. ભ્રષ્ટ—હા !—મહીનદીનું કાળું દેખાતું પાણી બુદ્ધિને પણ કાળી ફરે છે; કુબુદ્ધિ ઉપજાવે છે.

૪૫૫. સાધુ—સારો માણસ.

૪૫૫. દાતા—દાન દેવાવાળો.

૪૫૬. સચૌર—શાહુકાર.

૪૫૬. કોણ—હા !—એવો કોઇ નથી કે જેની બુદ્ધિ ભ્રષ્ટ થયા વિના રહે.

૪૫૮. ચૌરતાઇ—ચોરપણું.

ચૌરતાઇ—ચિત્ત—માણસને ચોરી કરતાં શાખવે.

ભુંડું—હા !—ખરાબ બુદ્ધિ ભરે. દુષ્ટ કામ કરતાં શાખવે.

૪૬૦. મૂલાવે છે—મૂલ કરી દે છે.

મૂલાવે છે મૌલ્યવાન—કિંમતીને પણ હલકી કિંમતનો કરી નાંખે છે. સારાને ખરાબ કરે છે.

૪૬૨. ભૂલ્યા—દાખવા—આ બંને ડોસા મિત્ર હતા, છતાં મહીનદીની ખોટી અસર તેમનાપર થઇ, અને તેઓ એક બીજા તરફ વૈરભાવ બતાવવા લાગ્યા !

૪૬૩. અલ્પ,—પૂત—બિંદુના બાપને ઇંદુનો પિતા કહે છે કે તારા પુત્રે મારા માણીગર ( તેજસ્વી ) પુત્રને માર્યો.

૪૬૪. વરવહ્નિ—વેર રૂપી અગ્નિ.

૪૬૫. કોણ—ભરેલાશા—તને હું મિત્ર ગણતો નથી તું તો ઝેર ભરેલા ઘડા જેવો છે.

આચ્છાદયું—ઢાંક્યું, પય=દૂધ. ચોટય=ચોટ—થા.

૪૫૬. ઉપર—ચાખવા—ઘડાની અંદર ઝેર છે, અને ઉપર દગવા માટે દૂધ ભર્યું છે, તો હવે મને ઘા ચાખવા દે, એટલે કે હું તને હવે મારી નાંખીશ.

૪૫૮. પાખવા—પરખવા—તે બંને વચ્ચેનો પ્રેમ હવે તો પરખાવાનો રહ્યો.

૪૬૯. સજ્જન—સ્થાન—દુર્ગુણ હોય કે દુષ્ટ સ્થાન હોય તો પણ સજ્જન આગળ તેનું કાંઇ ચાલતું નથી-ફાવતું નથી. આ બંન્ને સજ્જન હતા. તેથી સ્થાનની અસર તેના ઉપર થતાં અટકી.

૪૭૦. અખંડિત—ભાગ્યવિનાનો—હતો તેવોને તેવો.

૪૭૪. મહીભક્ત—મહીનદીના ભક્ત—પાકા લુંટારા.

૪૭૬. દૂય—ઉજેહ છે—એ કોળીએ ખુલ્લે ખુલ્લી રીતે તમાચા માર્યા-ધોળે દહાડે તમાચા મારી લુંટી લીધા. ઉજેહ—પ્રકાશ.

૪૭૭. હાકેટીને—હાંકો મારીને—ધમકાવીને.

૪૭૭—૪૭૮—કોળી પાસે શસ્ત્ર કે અસ્ત્ર હતાં નહી; માત્ર ‘ મારો મારો ’ એવી બૂમપાડી ડરાવીને તેઓનાં વસ્ત્ર લઇ લીધાં.

૪૮૦. ચીકટો—શણિયું.

૪૮૦. ચીકટવાળો—ઘી તેલના ડાઘ વાળો.

૪૮૦. ભમાવિયા—રખડાવ્યા.

૪૮૧. ધસિયો—બાજરીના લોટનું ભાથું.

૪૮૩—૪૮૪—તેઓની પાસે જે કંઇ હતું તે બધું લઇલીધું, અને તેઓને નાગાપૂગા કરી મૂક્યા. શરીર ઢાંકવા માત્ર લંગોટી રહી.

જન્મતાં જેવું સ્વરૂપ—જન્મતી વેળા જેવું રૂપ હોય છે તેવું—નાગા.

વેરાગી બન્યા—માત્ર એક લંગોટીવાળા વેરાગી બન્યા.

૪૮૫. અસ્તોવ્યસ્ત થયા—અસ્તવ્યસ્ત થયા—ગભરાટમાં પડ્યા.

૪૮૬. શોધવાનું—દુઃખથી—ઇંદુને શોધવાનું પડતું મૂકી હેરાન થઇ પાછું ઘેર જવું પડ્યું.

૪૮૭. ત્યાં—ઘેર.

૪૯૨. ભેદ—હું ય—હું છળકપટની વાત સમજતો નથી.

રાડય=વઢવાડ—કજીઓ. રૂખથી—જાણીબુઝીને.

૪૯૬. તન—ટેક છે—મનમાં નિશ્ચય કર્યો છે.

૪૯૭. શારદશો—શારદ—શારદા—સરસ્વતીના જેવો.

૫૦૦. વાણી—વતરેક છે—ઇંદુ પાછો આવશે, એ વાત વાણીની બહારની છે, એટલે કે ઇંદુ નક્કી પાછો આવશે, એમાં વળી કહેવું પડે તેવું શું છે ?

૪૯૩.—૫૦૦—આ લીટીઓના બબ્બે અર્થ થાય છે.

૪૯૩. ઇંદુ—રજ—હું તમને ઇંદુના પિતા જરાપણ માનતો નથી, પણ હું તમને મારા પિતા માનું છું, અથવા ઇંદુ મરી ગયો, તેથી તમને તેના પિતા તરીકે માનતો નથી.

૪૯૪. મારા—એક છે—હું તમને મારા ખરા પિતા તરીકે ગણું છું, અથવા હું જીવતો છું, એટલે મારા પિતાને ખરા પિતા તરીકે માનું છું.

૪૯૩—ઇંદુ—તમે—ઇંદુમાં અને મારામાં કશો ભેદ નથી, અથવા ઇંદુ મરી ગયો છે, તેથી હું હવે